RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 153 Dt. 26-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ભારત ચીનનું ક્લોઝ પાર્ટનર : લિન

### બેઈજિંગ પર ભારત સાથેના સરહદી વિવાદોમાં ઘટાડો કરીને ભારત-અમેરિકા સંબંધોને નબળા પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો




નવીદિલ્હી, તા. ૨૫
ચીને ગુરુવારે પેન્ટાગોનના એક અહેવાલને સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો જેમાં બેઈજિંગ પર ભારત સાથેના સરહદી વિવાદોમાં ઘટાડો કરીને ભારત-અમેરિકા સંબંધોને નબળા પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ચીને તેને ખોટી વાર્તા અને સંઘર્ષને ઉશ્કેરવાનું યુએસ કાવતરું ગણાવ્યું હતું. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને ગુરુવારે કહ્યું હતું કે આ અહેવાલ ચીનની સંરક્ષણ નીતિને વિકૃત કરે છે, ચીન અને અન્ય દેશો વચ્ચે મતભેદનું બીજ વાવે છે અને યુએસ લશ્કરી શ્રેષ્ઠતા જાળવી રાખવા માટે બહાના બનાવે છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે ચીન આ અહેવાલનો સખત વિરોધ કરે છે. દરમિયાન, ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા ઝાંગ ઝિયાઓગાંગે પણ પેન્ટાગોનના અહેવાલની નિંદા કરતા કહ્યું હતું કે અમેરિકા દર વર્ષે આવા અહેવાલો જારી કરીને ચીનના આંતરિક બાબતોમાં ગંભીર દખલ કરે છે. ઝાંગે આરોપ લગાવ્યો હતો કે આ અહેવાલ ચીનની રાષ્ટ્રીય સંરક્ષણ નીતિનું દુર્ભાવનાપૂર્ણ રીતે અર્થઘટન કરે છે, લશ્કરી વિકાસ વિશે પાયાવિહોણી અટકળો કરે છે અને કહેવાતા ચીની લશ્કરી ધમકીને અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરીને આંતરરાષ્ટ્રીય સમુદાયને ગેરમાર્ગે દોરે છે. તેમણે અમેરિકાને ખોટા વાર્તાઓ બનાવવા અને સંઘર્ષ ઉશ્કેરવાનું ટાળવા વિનંતી કરી.

ભારત-ચીન સંબંધો પર પેન્ટાગોનની ટિપ્પણીઓને નકારી કાઢતા, લિન જિયાને કહ્યું હતું કે બેઈજિંગ નવી દિલ્હી સાથેના સંબંધોને વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ અને લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી જુએ છે. ચીન ભારત સાથે વાતચીત વધારવા, પરસ્પર વિશ્વાસ મજબૂત કરવા, સહયોગ વધારવા અને મતભેદોને યોગ્ય રીતે ઉકેલવા માટે તૈયાર છે. ક્અઈ મુદ્દા અંગે, તેમણે જણાવ્યું હતું કે સરહદ મુદ્દો ભારત-ચીનનો મુદ્દો છે, અને વર્તમાન સરહદ પરિસ્થિતિ સામાન્ય રીતે સ્થિર છે, અને સંદેશાવ્યવહાર ચેનલો સરળતાથી કાર્યરત છે. પેન્ટાગોનના ''મિલિટરી એન્ડ સિક્યુરિટી ડેવલપમેન્ટ્સ ઇનવોલ્વિંગ ધ પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના ૨૦૨૫'' રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીન ભારત સાથેના સંબંધોને સ્થિર કરવા અને યુએસ-ભારત ભાગીદારીને ગાઢ બનતા અટકાવવા માટે ક્અઈ પર તણાવ ઓછો થવાનો લાભ લેવા માંગે છે. રિપોર્ટમાં ઓક્ટોબર ૨૦૨૪ના બ્રિક્સ સમિટ દરમિયાન રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મુલાકાતનો પણ ઉલ્લેખ છે, જેને બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ-સ્તરીય સંવાદની શરૂઆત તરીકે વર્ણવવામાં આવી હતી. રિપોર્ટમાં ચીન-પાકિસ્તાન સંરક્ષણ અને અવકાશ સહયોગ અને પાકિસ્તાનમાં સંભવિત ચીની લશ્કરી થાણાની શક્યતાનો પણ ઉલ્લેખ છે, જેને ચીને સ્પષ્ટપણે નકારી કાઢી છે.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ યુવકની હત્યા

### સમ્રાટ બહીની નામની ગુનાહિત ગેંગનો નેતા અમૃત મંડલ ઉર્ફે સમ્રાટને માર મારી પતાવ્યો



નવીદિલ્હી, તા. ૨૫
બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ યુવકને માર મારીને હત્યા કરવામાં આવી છે. યુવકનું નામ અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ છે. લિંચિંગની ઘટના રાજબારી જિલ્લામાં બની હતી. મંડલ ૨૯ વર્ષનો હતો. પોલીસે જણાવ્યું હતું કે પંગશા ઉપજિલ્લાના હોસૈનડાંગા ઓલ્ડ માર્કેટમાં રાત્રે ૧૧ વાગ્યે અમૃત મંડલ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેનું મૃત્યુ થયું હતું. પંગશા મોડેલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી શેખ મોઇનુલ ઇસ્લામે જણાવ્યું હતું કે સ્થાનિક લોકોએ અમૃત મંડલ પર ખંડણીનો આરોપ લગાવ્યો હતો.

થોડા દિવસો પહેલા, દીપુ ચંદ્ર દાસ નામના એક યુવાનની પણ ટોળાએ હત્યા કરી હતી, જેના કારણે સમગ્ર ભારતમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. ઈશનિંદાના આરોપસર મૈમનસિંહ વિસ્તારમાં ભીડે દીપુ ચંદ્ર દાસને માર મારીને હત્યા કરી હતી. સ્થાનિક લોકોએ બાંગ્લાદેશી મીડિયા આઉટલેટ, ધ ડેઈલી સ્ટારને જણાવ્યું હતું કે અમૃત મંડલ ''સમ્રાટ બહિની'' નામની ગુનાહિત ગેંગનો નેતા હતો, જે ખંડણીમાં સામેલ હતી. ગયા વર્ષે શેખ હસીનાની સરકારના પતન પછી સમ્રાટ દેશ છોડીને ભાગી ગયો હતો અને તાજેતરમાં પાછો ફર્યો હતો.

બુધવારે સાંજે, તે અને તેની ગેંગના કેટલાક અન્ય સભ્યો શાહિદુલ ઈસ્લામ નામના ગ્રામજનોના ઘરે પૈસા પડાવવા ગયા હતા. પરિવારના સભ્યોએ લૂંટારુ હોવાનો દાવો કરીને હોબાળો મચાવ્યો. ગામલોકોએ સમ્રાટને પકડી લીધો અને તેને માર માર્યો, જ્યારે ગેંગના બાકીના સભ્યો ભાગી ગયા. પોલીસે સમ્રાટના એક સાથી મોહમ્મદ સલીમની ધરપકડ કરી છે. બુધવારે બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં બોમ્બ વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું હતું. નાતાલની પૂર્વસંધ્યાએ ઢાકાના મોગબજાર વિસ્તારમાં આ વિસ્ફોટ થયો હતો. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના કાર્યકારી પ્રમુખ તારિક રહેમાન ગુરુવારે ઢાકા પરત ફર્યા. તે ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાનો પુત્ર છે. રહેમાન લગભગ ૧૭ વર્ષથી લંડનમાં રહેતો હતો.




### DGGI-પ્રિવેન્ટીવની ટીમ વિવિધ સર્ચ ઓપરેશનમાં જોડાઈ

# ૩૫૦ કરોડોના બોગસ બિલિંગ પ્રકરણમાં તંત્ર આકરા પાણીએ

### ત્રણ લોકોને GST વિભાગે લીધા જ્યુડિશિયલ કસ્ટડીમાં

રાજકોટ, તા. ૨૫
છેલ્લા પાંચ દિવસથી સમયાંતરે સેન્ટ્રલ જીએસટી વિભાગની પ્રીવેન્ટીવ તથા ડીજીજીઆઈની ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે જેમાં ખૂબ મોટા પ્રમાણમાં જીએસટી ચોરી થતી હોવાના પુરાવાઓ અને ચોરી પણ પકડાઈ રહી છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હાલ રાજકોટ સેન્ટ્રલ જીએસટી તથા સ્ટેટ જીએસટીની રડારમાં આવ્યું હોય તેવું જણાવ્યું છે ત્યારે ગઈકાલે રાજકોટમાં DGGI અને પ્રિવેન્ટીવ વિભાગની ટીમ દ્વારા અલગ અલગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં પ્રિવેન્ટીવની ટીમે સંત કબી રોડ ઉપર આવેલા ઈમિટેશનના વેપારીઓ પર તપાસનો ધમધમાટ કર્યો હતો જેમાંથી ૫૦ લાખ રૂપિયાની જીએસટી ચોરી પકડાઈ હોવાનું પણ માલુમ પડ્યું તો બીજી તરફ DGGI દ્વારા રાજકોટના અનેકવિધ સ્થળ ઉપર દરોડા પાડવામાં આવ્યા જેમાં બોગસ કંપનીઓ ઉભી કરી બિલ્ડીંગ મટીરીયલ સહિતની ચીજ વસ્તુઓના ફોટા બીલ રજૂ કરવામાં આવ્યા હતા જેથી ત્રણ લોકોને જીએસટી એ જ્યુડિશિયલ કસ્ટડીમાં લઈ વધુ તપાસ હાથ ધરી છે ત્યારે આ અંગે અને ક્વેત ખુલાસાઓ થવાની પણ સંભાવના હાલ સુત્રો વ્યક્ત કરી રહ્યા છે.

રાજકોટમાં જીએસટી (GST) વિભાગ અને પોલીસના સંયુક્ત ઓપરેશનમાં રૂ. ૪૦૦ કરોડના મસમોટા બોગસ બિલિંગ કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ મામલે પોલીસે જીલ ઠક્કર, અજય માલિયા અને વિશાલ ઉર્ફે સાગર નામના ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. આ આરોપીઓએ બોગસ પેઢીઓ ઊભી કરી લોખંડના સળિયા અને સિમેન્ટ જેવા બાંધકામ મટીરિયલના નકલી બિલો બનાવ્યા હતા. હકીકતમાં કોઈ માલની હેરફેર કર્યા વગર માત્ર કાગળ પર બિલો બનાવીને આર્થિક ગેરરીતિ આચરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

આ કૌભાંડની ગંભીરતા એ વાત પરથી જાણી શકાય છે કે, આરોપીઓએ રૂ. ૪૦૦ કરોડના બોગસ બિલો રજૂ કરીને સરકાર પાસેથી અંદાજે રૂ. ૪૦ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવી લીધી હતી. જીએસટી વિભાગની ઝીણવટભરી તપાસમાં ડેટા એનાલિસિસ દ્વારા આ શંકાસ્પદ વ્યવહારો પકડાયા હતા. આ નેટવર્ક માત્ર રાજકોટ પૂરતું સીમિત છે કે અન્ય શહેરોમાં પણ તેના તાર જોડાયેલા છે, તે દિશામાં પોલીસ હવે તપાસ કરી રહી છે. પકડાયેલા ત્રણેય શખ્સોની પૂછપરછમાં હજુ પણ કેટલાક મોટા નામો બહાર આવે તેવી શક્યતા છે. અત્યારે જીએસટીના કરદાતાઓ એટલે કે વેપારીઓ કેવી રીતે સરકારને ઉલ્લુ બનાવવા અને કરચોરી કેવી રીતે કરવી તે દિશામાં હાલ અનેકવિધ કીમિયા કરતા હોય છે અને ખોટી રીતે ઇનપુટ ટેક્સ ક્રેડિટ પણ સરકાર પાસેથી મેળવી લેતા હોય છે ત્યારે આ નુકસાની નો સામનો જે સરકાર કરી રહી છે તે ન થાય તે માટે જ હાલ સેન્ટ્રલ તથા સ્ટેટ જીએસટી દ્વારા સમયાંતરે દરોડા પાડવામાં આવી રહ્યા છે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આજે તપાસ હાથ ધરવામાં આવી રહી છે તેની પાછળ એક કારણ એ પણ છે કે જે ટાર્ગેટ આપવામાં આવ્યો હોય તેને કઈ રીતે પહોંચી શકાય અને સરળતાથી તે ટાર્ગેટ અચીવ થાય તે દિશામાં હાલ પગલાઓ જીએસટી વિભાગ દ્વારા લેવામાં આવી રહ્યા છે અને તેના અનુસંધાને જ હાલ બરોડા પાડવામાં આવ્યા હોવાનું માલુમ પડ્યું છે. બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટ કેવી રીતે મેળવી લેવી? તેના હાલ કીમિયાઓ વેપારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા છે જેના પર અંકુશ મૂકવું ખૂબ જરૂરી છે. જીએસટી વિભાગ એ ત્રણ લોકોને હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં લીધેલા છે જેમાં જીલ ઠક્કર, અજય અને વિશાલ ઉર્ફે સાગરનો સમાવેશ થયો છે અને હજુ પણ આ મુદ્દે તપાસ હાથ ધરવામાં આવી રહી છે ત્યારે વધુ નામ સામે આવે તો નવાઈ નહીં.

# રિન્યુએબલ એનર્જી પોલિસી-૨૦૨૫નું લોન્ચીંગ

### સ્વચ્છ-ટકાઉ ઊર્જા પ્રણાલી તરફ ગુજરાતનું દ્રઢ નીતિગત વિઝન : રિન્યુએબલ એનર્જી, બેટરી સ્ટોરેજ અને નવીન ટેકનોલોજી દ્વારા ગ્રીન ગ્રોથને વેગ

રાજકોટ, તા. ૨૫
ગુડ ગવર્નન્સના પ્રણેતા અને પૂર્વ પ્રધાનમંત્રી સ્વ.અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતી ૨૫ ડિસેમ્બરને પ્રતિવર્ષ સુશાસન દિવસ તરીકે દેશભરમાં ઉજવવામાં આવે છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષે યોજાયેલ રાજ્યકક્ષાના સમારોહમાં મુખ્ય મંત્રીના હસ્તે ગુજરાત સરકાર દ્વારા ઈન્ટિ ગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી૨૦૨૫નું લોન્ચીંગ કરાયું હતું.

ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા અને સ્વચ્છ તથા ટકાઉ ઊર્જા પ્રણાલીઓ તરફ ઝડપી પરિવર્તન સુનિશ્ચિત કરવા માટે ગુજરાત ઇન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી૨૦૨૫ ઉર્જા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી છે. વિકસિત ગુજરાત ૨૦૪૭ની દ્દષ્ટિ સાથે સુસંગત આ પોલિસી, રાજ્યમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે રોકાણ, નવીનતા અને ગ્રીડ સ્થિરતાને પ્રોત્સાહન આપીને ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ક્લીન એનર્જી હબ તરીકે સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

રાજ્યની રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે નેતૃત્વની પરંપરાને આગળ વધારતાં અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગાવોટથી વધુ ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંક રાખી, ભારતના વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ નોન-ફોસિલ ઇંધણ આધારિત ઊર્જા ક્ષમતાના લક્ષ્યાંકમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા માટે ગુજરાત ઇન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી૨૦૨૫ જાહેર કરવામાં આવી રહી છે. આ પોલિસી સરળ અને એકીકૃત ફ્રેમવર્ક દ્વારા Ease of Doing Businessને સુગમ બનાવવાનો, નવીન અને ઇમર્જિંગ ટેકનોલોજીઓને પ્રોત્સાહન આપવાનો, ગ્રીડની સ્થિરતા વધારવાનો, ગ્રીન ઉર્જા ક્ષેત્રે રોજગારી સર્જવાનો અને ઊર્જા સુરક્ષા, વ્યાજબી દરો તથા ટકાઉ આર્થિક વિકાસ સુનિશ્ચિત કરતાં ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રિન્યુએબલ એનર્જી હબ તરીકે સ્થાપિત કરવાનો ઉદ્દેશ ધરાવે છે.

RE પોલિસી-૨૦૨૫ હેઠળ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે, મુખ્યત્વે કેપ્ટિવ અને થર્ડ પાર્ટી વેચાણના પ્રોજેક્ટ્સ માટે, કમિશનિંગ




સમયમર્યાદામાં સુધારાઓ માટે અનુકુળતા આપવામાં આવી છે. ઈવેક્યુએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની કમિશનિંગ સમયમર્યાદાઓ પ્રોજેક્ટ ક્ષમતાની જગ્યાએ વોલ્ટેજ લેવલના આધારે સુસંગત બનાવવામાં આવી છે. પ્રોજેક્ટ તથા ઈવેક્યુએશન લાઇનના કમિશનિંગ માટે વધારાનો સમય મંજૂર કરવામાં આવ્યો છે, જેના કારણે પ્રોજેક્ટ અમલીકરણ વધુ સુગમ થશે.

RE પોલિસી-૨૦૨૫ વિન્ડ રીપાવરિંગ અને રીફર્બિશમેન્ટ માટે નેશનલ રીપાવરિંગ પોલિસી સાથે સુસંગત રીતે સહાયક ફ્રેમવર્ક સ્થાપિત કરે છે. હાલના વિન્ડ ટર્બાઇન જનરેટર્સને ફરજિયાતપણે ડિસમેન્ટલ કર્યા વિના રીપાવરિંગ અને રીફર્બિશમેન્ટની મંજૂરી આપવામાં આવી છે, તેમજ તેના માટે સમયમર્યાદા ૨૪ મહિના સુધી લંબાવવામાં આવી છે. સહાયક પગલાંમાં રીપાવરિંગ સમયગાળા દરમિયાન હાલના PPAની અવધિમાં વિસ્તરણ, ટ્રાન્ઝિશન દરમિયાન વણવપરાયેલ ટ્રાન્સમિશન ક્ષમતા પર ટ્રાન્સમિશન ચાર્જીસમાં છૂટ, રિન્યુએબલ એનર્જી કનેક્ટિવિટી ક્ષમતા વધારા માટે પ્રાથમિકતા અને માઈક્રો-સાયટિંગ નિયમોમાં રાહત સામેલ છે.

RE પોલિસી-૨૦૨૫ ઑન-ડિમાન્ડ રિન્યુએબલ એનર્જી કનેક્ટિવિટીની સુવિધા અક્ષય-ઉર્જા-સેતુ પોર્ટલ મારફતે સક્ષમ બનાવે છે તથા રિન્યુએબલ ઉર્જાની સમૃદ્ધતા ધરાવતા વિસ્તારોમાં નવા ટ્રાન્સમિશન યોજનાઓના વિકાસને ટેકો આપે છે. અગાઉની રિન્યુએબલ એનર્જી પોલિસીઓ હેઠળના પ્રોજેક્ટ્સ માટે માલિકી હસ્તાંતરણની મંજૂરી અને અગાઉની પોલીસી હેઠળ પૂર્વમંજૂર પ્રોજેક્ટ્સને પૂર્ણ કરવા માટેના સમયગાળાનું વિસ્તરણ જેવી જોગવાઈઓ દ્વારા સદર પોલિસી થકી સાતત્ય સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત, પોલિસી રૂફટોપ તથા ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જીને મજબૂત બનાવે છે, ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપે છે અને ગ્રીન ઉર્જા ક્ષેત્રે રોજગારી તથા સ્કિલ ડેવલપમેન્ટની પહેલોને એકીકૃત કરે છે. જે સંયોજિત રીતે ગુજરાતને એક સ્થિર, ઇન્વેસ્ટર ફ્રેન્ડલી અને ભવિષ્ય માટે તૈયાર રિન્યુએબલ એનર્જી ઇકોસિસ્ટમ તરફના પરિવર્તનને વધુ મજબુત બનાવશે.

# ડ્રગ્સ પકડવું અભિયાન નહીં પણ જંગ : સંઘવી

## ડ્રગ્સ સામેની કાર્યવાહીમાં કોઈપણ બાંધછોડ કરવાની નથી : ૩૧ ઉચ્ચ પોલીસ અધિકારીઓને દક્ષતા પદક આપી કરાયા સન્માનિત




રાજકોટ, તા. ૨૫
નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે બે દિવસીય રાજ્ય સ્તરીય ક્રાઈમ કોન્ફરન્સનો સમાપન સમારોહ યોજાયો હતો. બે દિવસની સફળ કોન્ફરન્સ માટે સૌ પોલીસ અધિકારીઓને અભિનંદન આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ડ્રગ્સ પકડવું એ અભિયાન નહીં પણ એક જંગ છે. ગુજરાતના યુવાનોની સાથે આપણા પરિવારને પણ ભવિષ્યમાં ડ્રગ્સના દુષણથી સુરક્ષિત કરવા માટેનો આ જંગ છે. આપણી ડ્રગ્સ સામેની કાર્યવાહીમાં કોઈપણ બાંધછોડ કરવાની નથી.ગુજરાત પોલીસ આ ડ્રગ્સ સામેના જંગમાં સખ્તાઈ -કડકાઈથી કામ લઈ રહી છે તે માટે પોલીસ અધિકારીથી પોલીસ કોન્સ્ટેબલ સુધીના તમામ કર્મયોગીને ખૂબ ખૂબ અભિનંદન.

તેમણે કહ્યું હતું કે, આ બે દિવસની કોન્ફરન્સમાં જિલ્લાના એસપી અને પોલીસ કમિશનરે જે સંશોધનાત્મક પ્રેઝન્ટેશન રજૂ કર્યા છે તેમાં ખૂબ સારા નવા વિષયો સાંકળી લઈને સંસ્થાકીય પ્રયાસો કરવામાં આવ્યા છે,આ ટીમ વર્ક દ્વારા જ શક્ય બને છે. આ પ્રયાસો આગામી સમયમાં અન્ય જિલ્લા અને શહેરોના નાગરિકોના હિતમાં ખૂબ મદદરૂપ થશે. આમાં નવીન ટેકનોલોજી અને નવીન અભિગમ દર્શાવવામાં આવ્યો છે તે આગામી સમયમાં પોલીસ તંત્રને નવી દિશા આપશે.આ બે દિવસના વિવિધ સત્રમાં થયેલી ચર્ચા અને નવા સૂચનોનો આગામી સમયમાં અમલ કરવામાં આવશે.

રાજ્યના છેવાડાના નાના અને ગરીબો, મહિલાઓ- માતાઓ, વૃદ્ધો તેમજ અટવાયેલા સૌ નાગરિકોનો આપ એટલે કે ગુજરાત પોલીસ જ આધાર છે,આ તેમનો વિશ્વાસ તૂટવો જોઈએ નહીં. તેમની કોઈપણ ફરિયાદને તમે ગંભીરતાથી સાંભળશો તો તેની ઉપર જલ્દી અસરકારક કામ થશે. નાગરિકોને સરળતાથી મળવાથી પણ તેમની ઘણી સમસ્યાઓનો હલ આવતો હોય છે. હાલ કરતાં પણ વધુ સક્રિય રીતે સામાન્ય નાગરિકને સરળતાથી મળવાનું રાખશો તો નીચેની માહિતી પણ તમને ખૂબ ઝડપી અને સચોટ રીતે મળતી થશે જે તમને કાયદો અને વ્યવસ્થા માટે મદદરૂપ થશે. જ્યારે જિલ્લા અને શહેરના પોલીસ વડા તરીકે તમે બેઠક કરતા હોય ત્યારે છેક નીચેના કર્મચારી પણ તમને દિલથી સાચું છે તે કહેવાની હિંમત કરે ત્યારે જ એકબીજા વચ્ચે આત્મીયતા જળવાશે અને પ્રશ્નોનું જલ્દી નિરાકરણ આવશે. આપણે કર્મચારીને તેની રેન્કના આધારે નહીં પણ તેના અનુભવના આધારે મૂલવવો જોઈએ. તેમની સારી આવડત - સ્કીલને હંમેશા બિરદાવી જોઈએ. ટીમ લીડર તરીકે આપણે હંમેશા તમામ કર્મચારીની સાથે રહેવું જોઈએ તો જ તેને કામ કરવાનો આનંદ- જુસ્સો આવશે.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે સમાપન સમારોહમાં કહ્યું હતું કે, નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વમાં આયોજિત આ ઐતિહાસિક બે દિવસીય ક્રાઈમ કોન્ફરન્સ ગુજરાત પોલીસમાં ખૂબ મોટો વધુ હકારાત્મક બદલાવ લાવશે. કોન્ફરન્સમાં વિવિધ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાએ પોતાના એકમમાં અમલી બેસ્ટ પ્રેક્ટિસીસના પ્રેઝન્ટેશન રજૂ કરી રાજ્યની સુરક્ષા અને સલામતી માટે નવી દિશા આપી છે. આ બેસ્ટ પ્રેક્ટિસીસમાં સંવાદની સાથે કાયદો અને વ્યવસ્થા, ક્રાઈમ, ટેકનોલોજી, વેલફેર તેમજ વહીવટી સહિત તમામ સર્વગ્રાહી વિષયોને આવરી લેવામાં આવ્યા હતા.

ગુજરાત પોલીસમાં વર્ષ ૨૦૨૨,૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન વિશેષ કામગીરી બદલ રાજ્યના કુલ ૩૬ ઉચ્ચ પોલીસ અધિકારીઓની પ્રતિષ્ઠિત 'કેન્દ્રીય ગૃહ મંત્રી દક્ષતા પદક' માટે પસંદગી કરવામાં આવી છે. જેના ભાગરૂપે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગાંધીનગર ખાતે ઉપસ્થિત કુલ ૩૧ ઉચ્ચ પોલીસ અધિકારીઓને પદક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જ્યારે વર્ષ ૨૦૨૩ માટે કુલ ૧૮ માંથી ૧૬ ઉચ્ચ પોલીસ અધિકારીઓને 'યુનિયન હોમ મિનિસ્ટર્સ સ્પેશીયલ ઓપરેશન એવોર્ડ' એનાયત કરાયા હતા. આ ઉપરાંત એક મહિલા પોલીસ અધિકારીને 'જીવન રક્ષા પદક-૨૦૨૪' આપીને સન્માનિત કરાયા હતા જે સમગ્ર પોલીસ પરિવાર માટે સન્માનનીય ક્ષણ છે. આ સમાપન સમારોહ સીઆઈડી ક્રાઈમ ડીજીપી ડો.કે.એલ.એન રાવ, અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક, ડો. નીરજા ગોટરું સહિતના ડીજીપી રેન્કના અધિકારીઓ ઉપરાંત એડીજીપી, આઇજીપી, ડીઆઇજી તથા એસ.પી રેન્કના આઇપીએસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


---

યુવા ભાજપના ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજાની આરોગ્યમંત્રીને રજૂઆત

# બોડી-બામણીના ખેતરમાં ફેરવાતી ગોંડલની સિવિલ હોસ્પિટલ!

## ખુદ સુપ્રિન્ટેન્ડેન્ટે સ્વીકાર્યું કે ડોકટરો અમારું પણ માનતા નથી





રાજકોટ, તા. ૨૫
સરકારી હોસ્પિટલમાં ડોક્ટરો ચાલુ ફરજ દરમિયાન સતત ગેરહાજર રહેતા હોવા અંગે ગોંડલ યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજાએ રાજ્યના આરોગ્ય મંત્રી ને લેખિત રજૂઆત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે સરકારી હોસ્પિટલમાં ડોક્ટરોની ફરજ પર હાજરી બતાવવામાં આવે છે પરંતુ ખરેખર ડોક્ટરો સવારથી બપોર સુધી જ જોવા મળે છે. બપોર બાદ ડોક્ટરો હાજર રહેતા નથી. જે અંગે સિવિલ સુપ્રિટેન્ડેન્ટને જાણ તેમજ રજૂઆત કરતા તેઓએ એવું જણાવ્યું કે ડોક્ટરો અમારું પણ માનતા ન હોય પોતાની ઇચ્છા મુજબ જતા રહે છે. એક સુપ્રિન્ટેન્ડેન્ટનો આવા જવાબને ગંભીર ગણાવી કુલદીપસિંહ જાડેજાએ ચિંતા વ્યક્ત કરી છે કે, અહીની સિવિલ હોસ્પિટલ બોડી-બામણીના ખેતરમાં ફેરવાઈ જાય તે પહેલા સંબંધિત ઉચ્ચ આરોગ્ય તંત્ર જાગે તે જરૂરી છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આ અંગે પૂર્વ આરોગ્ય મંત્રી, વિભાગીય નાયબ નિયામક રાજકોટ વિભાગને અનેક રજૂઆતો કરાઈ હોવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. ડોક્ટર માટેનો સમય ૯-૩૦ થી ૧૨-૩૦ અને બપોરે ૪થી ૬ લખેલા છે. તો શું ડોક્ટરોને માત્ર ૫ કલાકની જ ફરજ સોંપવામાં આવે છે?? અનેક ડોક્ટરો બપોર બાદ જોવા જ મળતા નથી. ત્યારે આરોગ્ય તંત્ર શા કારણે પગલા લેવામાં નિષ્ફળ છે જે ગંભીર બાબત કહેવાય. મેડિકલ સ્ટોર પર અવાર નવાર દવાઓ નથી એવું જણાવવામાં આવે છે અને જ્યારે ઉપરી અધિકારી સાથે વાત કરાવવામાં આવે તો દવાઓ આપવામાં આવે છે. તો શું આ યોગ્ય છે? નાના અને ગરીબ વ્યક્તિઓ સારવાર અને દવાઓ માટે ક્યાં જશે? શું દવાઓ બારોબાર આપી દેવામાં આવે છે કે પછી ન આપવાનું કારણ છે જે તપાસ નો વિષય છે. આ અંગે ગંભીરતા દાખવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી અંતે રજૂઆત કરી હતી.

(તસવીર : કુલદીપસિંહ જાડેજા-ગોંડલ)

---

# જૈન સોશિયલ ગ્રુપ વેસ્ટની સુવર્ણ સફર-સ્નેહમિલન ઉજવાયા

### ૪૫ વર્ષની સેવા, એકતા અને બંધુત્વની ગૌરવભેર ઉજવણી

## કાર્યક્રમ સારથી તરીકે મેહુલ રવાણીના સંચાલનથી સુવર્ણ સફરોત્સવ બન્યો યાદગાર



રાજકોટ, તા.૨૫
જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટ દ્વારા સંસ્થાની ૪વર્ષની સુવર્ણ સફરની ઉજવણી રૂપે સુવર્ણ સફરોત્સવ નું ભવ્ય આયોજન તારીખ ૨૧ ડિસેમ્બર ૨૦૨૫, રવિવારે સાંજે, જૈન બોર્ડીંગ મહાવીર ભુવન, માલવીયા ચોક, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રુપના સભ્યો, પરિવારજનો આમંત્રિત મહેમાનોની વિશાળ હાજરી સાથે સમગ્ર માહોલ આનંદ, ઉત્સાહ અને પરિવારભાવથી છલકાયો હતો. મનમોહક નૃત્ય રજૂઆત, હાસ્યરસથી ભરેલો માહોલ, પ્રેરણાદાયી સંબોધન, લકકી ડ્રો સહિતના વિવિધ આકર્ષક કાર્યક્રમોએ ઉપસ્થિત સૌને આનંદિત કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન લકકી ડ્રોમાં ફોલ્ડર, ઘડિયાળ ઉપયોગી આઈટમ્સ ગ્રુપના ઉપપ્રમુખ મેહુલભાઈ ડોલીબેન રવાણી અરિહંત ઈન્વેસ્ટમેન્ટ પરિવાર તરફથી અપાયા હતા. આયોજનથી માંડીને કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સભ્યો દ્વારા આપવામાં આવેલા સહકાર, શિસ્ત અને સ્નેહથી સમગ્ર કાર્યક્રમ એક પરિવાર જેવી લાગણી સાથે સફળ રહ્યો હતો. ૪૫ વર્ષ સુવર્ણ સફર ઉત્સવ કાર્યક્રમ નિમિત્તે ધનેશભાઈ, ધરાબેન દોશી પરિવાર હર્ષદભાઈ, દક્ષાબેન મહેતા પરિવાર મેહુલભાઈ, ડોલીબેન રવાણી પરિવાર તરફથી દરેક સભ્યોને કપલ ઘડિયાળ ગિફ્ટ માં આપવામાં આવી હતી. પ્રમુખ મહેશભાઈ, મિતલબેન શાહ પરિવાર દ્વારા દરેક દરેકે કારોબારી મેમ્બરને મોમેન્ટો ગિફ્ટ તેમજ પર્સ આપવામાં આવ્યા હતા.

લાઈફ કોચ, એક્ટર લેખક હર્ષલ માકડએ પોતાના સંબોધનમાં પરિવાર સંબંધો, પરસ્પર સન્માન અને સમજણના મહત્વ પર પ્રેરણાદાયી વિચાર રજૂ કર્યા હતા. હાસ્ય કલાકાર અને લોકસાહિત્યકાર તેજસભાઈ પટેલ એ પોતાની લોકશૈલી અને વિચારસભર હાસ્યથી સમગ્ર માહોલને આનંદમય બનાવી દીધો હતો. કાર્યક્રમના અંતે આભાર વિધિ જોઈન્ટ વિરેન્દ્રભાઈ સંઘવી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કાર્યક્રમ સારથી તરીકે મેહુલ રવાણી દ્વારા કરવામાં આવ્યું હતું. ગ્રુપના પ્રમુખ, સેક્રેટરી કારોબારી સભ્યોએ તમામ સભ્યો, સ્વયંસેવકો અને મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો અને બંધુત્વ સે પ્રેમ ના સૂત્રને સતત જીવંત રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ મહેશભાઈ શાહ સર્વ કારોબારી મેમ્બરએ ખૂબ જહેમત ઉઠાવી હતી તેમ સેક્રેટરી ધનેશભાઈ દોશીએ જણાવ્યું હતું.

---

# કલેકટર તંત્રની ધડાધડ નોટીસો બાદ જંગલેશ્વરના રહીશોની બેઠક

## દબાણ હટાવો પણ આશરાની વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગણી



રાજકોટ, તા.૨૫
શહેરના જંગલેશ્વર વિસ્તારમાં ૧૨૦૦-૧૩૦૦ લોકોને દબાણ હટાવવા કલેકટર તંત્રે નોટીસો ઠપકારી છે. તેની સામે કાનૂની લડત લડવા જંગલેશ્વરના જાગૃત લોકો મેદાનમાં આવ્યા છે અને કહેવાય છે કે એકસો જેટલા લોકોએ હાઈકોર્ટમાં પીટીશન કરી છે. પણ હવે પછી શું ? તેની અને મળેલી નોટીસની ચર્ચા વિચારણા માટે ફફડાટ સાથે લત્તાવાસીઓએ બહોળી સંખ્યામાં ખેતલા આપા મંદિરે બેઠક બોલાવાઈ હતી.

વિગતો મળી રહી છે કે, જંગલેશ્વરમાં આવતા દૂધ નગર, એકતા નગર અને નાનોડા નગર જેવા વિસ્તારોના દબાણ દુર કરવા તંત્રે નોટીસો ફટકારતા દબાણકારો આશરો જવાના દરે હવે કાનૂની સહારો લેવા આગળ આવી રહ્યા છે. જાણકારો કહે છે કે જંગલેશ્વર વિસ્તાર સ્લમ વિસ્તાર તરીકે ગણાય છે અને ત્યાં તમામ ધર્મના લોક રહેતા હોવાનું કહેવાય છે. કાયદાકીય લડત શરુ કરાઈ છે પણ અમુક નબળા પરિવારો કાનૂની ફી ચુકવવા સક્ષમ ના હોવાનું જાણવા મળ્યું છે. અને આવા કારણોસર અમુક લોકો પીટીશનમાં જોડાઈ પણ શક્યા નથી.

બેઠકમાં એકત્ર લોકોએ કહ્યું હતું કે, તંત્રને દબાણ હટાવવું જ હોય તો વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવી જોઈએ. અને તે માટે સરકારી આવાસો ફાળવાય તેવી માંગ કરાઈ હતી. આગામી દિવસોમાં જંગલેશ્વરમાં જેઓને કલેકટર તંત્રની નોટીસ મળી છે તેવા લોકો મીડિયાની સામે આવવાની અને આંદોલનની તૈયારીઓ આરંભી દીધી હોવાનું જાણવા મળ્યું છે.

# સરદાર પટેલ સ્વદેશી પદયાત્રાનો રંગેચંગે પ્રારંભ

## પદયાત્રાની તૈયારીઓ પૂર્ણતાના આરે : સરદાર પટેલને જનસામાન્યના દૈનિક જીવનનો ભાગ બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો







રાજકોટ, તા. ૨૫
સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે યોજાનારી 'સરદાર૧૫૦ સ્વદેશી પદયાત્રા ૨૦૨૫' માટે રાજકોટ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ભવ્ય અને ઐતિહાસિક પદયાત્રાનું આયોજન ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા કરવામાં આવ્યું છે, જે તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન રાજકોટથી ખોડલધામ સુધી યોજાનાર છે.

આ પદયાત્રા દ્વારા સરદાર પટેલના વિચારોને માત્ર સ્મરણ પૂરતા સીમિત ન રાખી, તેને જનસામાન્યના દૈનિક જીવનનો ભાગ બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. સ્વદેશી વિચારધારા, રાષ્ટ્રીય એકતા, શિસ્ત અને આત્મનિર્ભરતાની ભાવનાને જનજન સુધી પહોંચાડવા માટે પદયાત્રાના આયોજનને અંતિમ ઓપ આપવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના કાર્યાલય ખાતે પદયાત્રાની તમામ તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. પદયાત્રાના માર્ગ, સ્વાગત વ્યવસ્થા, સુરક્ષા, સેવા કાર્ય, જનસંપર્ક તેમજ સ્વદેશી સંદેશના પ્રસાર માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પદયાત્રા દરમિયાન સરદાર પટેલના જીવનપ્રસંગો અને તેમના પ્રેરણાદાયી વિચારો જનસામાન્ય સુધી પહોંચે તે માટે ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

આ પદયાત્રાનું વિશેષ આકર્ષણ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સાથેનો તૈયાર કરાયેલ સ્વદેશી રથ (ટેબ્લો) છે, જે પદયાત્રા સાથે જોડાશે. આ સ્વદેશી રથમાં ભારતની આત્મનિર્ભર શક્તિ દર્શાવતા વિવિધ ક્ષેત્રોના સ્વદેશી ઉત્પાદનોની પ્રતિકૃતિ પ્રદર્શન રૂપે રજૂ કરવામાં આવ્યા છે. જેમાં ખેતીવાડીના સ્વદેશી ઓજારો, ઈગઈ મશીનો, બેરિંગ્સ, એરોનોટિકલ પાર્ટ્સ, પવનચક્કી, સોલાર પ્લેટ્સ, વિવિધ પ્રકારના ગિયર્સ, મીની ટ્રેક્ટર્સ, ઓટોમોબાઇલ પાર્ટ્સ, કાસ્ટિંગ તથા ફાઉન્ડ્રી પાર્ટ્સ, ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ, પોલીકાર્બોનેટ શીટ્સ સહિત અનેક સ્વદેશી ઉત્પાદનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રથ દ્વારા 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ની વિચારધારાને દ્રશ્યરૂપે લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આગામી તા. ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ગોંડલ રોડ, રાજકોટથી પદયાત્રાનું ભવ્ય પ્રસ્થાન કરવામાં આવશે. પદયાત્રાને વિવિધ સંતો, મહંતો, લોકપ્રતિનિધિઓ અને મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવશે. રાજ્યના કેબિનેટ મંત્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, ઉદ્યોગપતિઓ, વિવિધ સમાજોના અગ્રણીઓ, સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો પદયાત્રામાં જોડાશે.

પદયાત્રાના સમગ્ર રૂટ પર ગામેગામ ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાયું છે અને પદયાત્રીઓના સ્વાગત માટે લોકોમાં ઉમંગ જોવા મળી રહ્યો છે. આ પદયાત્રાનું તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ખોડલધામ ખાતે દિવ્ય ધ્વજારોહણ સાથે ભવ્ય સમાપન થશે, જેમાં કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા અધ્યક્ષસ્થાને અને નરેશભાઈ પટેલ ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહેશે.

વહેલી સવારમાં જ મોટી સંખ્યામાં શહેરીજનો રહ્યા ઉપસ્થિત : રવિવારે સ્વદેશી રન

# સ્વદેશી અપનાવો થીમ સાથે સાઈકલોથોન યોજાઈ



રાજકોટ, તા. ૨૫
રાજકોટ મહાનગરપાલિકા છેલ્લા ઘણા સમયથી રાજકોટમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી રહી છે ત્યારે ગઈકાલે લોકલ ફોર વોકલ તથા મેક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટને વેગવંતુ બનાવવા માટે સાઇકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ ઘર ઘર સ્વદેશી અભ્યાનને વેગવંતુ બનાવવામાં પણ આવે તે હેતુથી ખાસ કાર્યક્રમ યોજાયો હતો. 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ની ભાવનાને પ્રોત્સાહિત કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે સવારે રેસકોર્સ બહુમાળી ભવન ચોકથી સ્વદેશી સાયક્લોથોન યોજાઈ હતી. જેમાં ૩૦૦૦થી વધુ શહેરીજનોએ રજીસ્ટ્રેશન કર્યું હતું અને બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. હવે તા.૨૮ના રવિવારે આ જ સ્થળે સવારે ૬.૩૦ કલાકે સ્વદેશી રનનું પણ આયોજન કરવામાં આવેલ છે.

આ અવસરે મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, સ્પોર્ટસ માટે લોકો હવે વધુ જાગૃત થયા છે. સ્વાસ્થ્ય માટે સાયકલીંગ શ્રેષ્ઠ છે. પર્યાવરણ અને સ્વદેશીની ભાવના પણ વધુ મજબુત થાય છે. સાયકલિંગ એ ભારતીય પરંપરાનો એક ભાગ છે અને સૌએ આ ભાવનાને અપનાવવી જોઈએ. આપણા સૌનુ લક્ષ્ય હોવુ જોઈએ કે રાજકોટ દેશના સૌથી વધુ સાયકલ ફ્રેન્ડલી શહેરોમાંનું એક શહેર બને. લોકોને ટૂંકા અંતર માટે સાયકલનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ, જેથી રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ પણ ઘટે.

ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહએ જણાવ્યું હતું કે, સાયકલ એ માત્ર બે પૈડાનું વાહન નથી પણ સ્વસ્થ સમાજની નિશાની છે એટલા માટે આજ સ્વદેશી સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વદેશી સાયક્લોથોન એટલે સ્વસ્થ સમાજ, સ્વસ્થ ભારત, ફીટ ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયાની મુવમેન્ટને પ્રોત્સાહન આપ્યું છે. સાયકલીંગને લોકોને રોજિંદા સમયપત્રકમાં સામેલ કરવું જોઈએ.

સાયકલોથોનને મેયર, ધારાસભ્ય, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, કમિશનર તુષાર સુમેરા, ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર કંકુબેન ઉધરેજા, દક્ષાબેન વસાણી, સાયકલ ક્લબના દિવ્યેશભાઈ અઘેરા, ડે.કમિશનર સમીર ધડુક, સહાયક કમિશનર વિપુલ ઘોણીયા, મેનેજર કૌશિક ઉનાવા તથા અન્યોએ ફલેગ ઓફ કરાવ્યું હતું. બાદમાં પાંચ લકકી વિજેતાને સાયકલ ભેટ અપાઇ હતી.

# ડોનેશન ઉઘરાવતી સંસ્થાઓ નહીં બાંધી શકે રસ્તા પર મંડપ

## વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં આવતા વિદેશી મહેમાનોને વિવિધ હોટલોમાં ઉતારો આપવામાં આવ્યો છે જેથી રાજકોટની કોઈ છબી ન ખરડાઈ તે માટેની વ્યવસ્થા હાલ તંત્રએ હાથ ધરી છે




રાજકોટ, તા. ૨૫
રાજકોટ ખાતે યોજાનારી વાઈબ્રન્ટ કોન્ફરન્સ ને ધ્યાને લઈ અત્યારથી જ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. એટલું જ નહીં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ટીમ પણ સમયાંતરે તૈયારીઓની સમીક્ષા કરી રહી છે હાલ વડાપ્રધાનનો કાર્યક્રમ નક્કી થતો નથી પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર તેઓ ૧૧ તારીખે રાજકોટ આવે તેવી હાલ વાત સંભળાય છે. ત્યારે ૧૪ તારીખે સંક્રાત હોવાના એક સપ્તાહ પૂર્વે વિવિધ ગૌશાળા મુખ્ય માર્ગો પર મંડપ બાંધીને ડોનેશન સ્વીકારતી હોય છે ત્યારે તમામને આ વખતે મંડપ ન રાખવા માટેના આદેશો થયા હોવાનું પણ જણાઈ રહ્યું છે.

મારવાડી યુનિવર્સિટીમાં યોજાનારી રાજકોટ રિજ્યોનલ કોન્ફરન્સ સમીટમાં દેશ વિદેશથી ઉદ્યોગપતિઓ, મંત્રીઓ, જુદા જુદા ક્ષેત્રના પ્રતિનિધિઓ આવવાના છે ત્યારે રાજકોટની સંપૂર્ણ શકલ બદલાઈ જાય તે માટેની તૈયારીઓ હાલ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. જે માટે અને વિન્યુ તંત્ર હોય કે મહાનગરપાલિકા ગ્રીનલેન્ડ ચોકડી થી મારવાડી સુધી જે પણ દબાણો આવેલા છે તેને તાકીદે દૂર કરવામાં આવી રહ્યા છે ત્યારે હવે ગાયોના ફાડા માટે જે સંસ્થાઓ મંડપ તથા કમાન રસ્તા પર મુક્તિ હતી તે ન મુકવા માટેની તાકીદ થતાં સંસ્થાઓમાં પણ ક્યાંક ને ક્યાંક ટચવા અનુભવાય છે.

રાજકોટમાં શહેર ઉપરાંત આજુબાજુના ગામની ગૌશાળાઓ સહિતની સંસ્થાઓ પખવાડીયા અગાઉ મંડપ ઉભા કરી દે છે. પરંતુ આ વખતે મનપાએ તા.૧૦ સુધી કોઈ મંડપ ઉભા ન કરવા સૂચના મોકલી દેતા પાંજરાપોળ સહિતની સંસ્થાઓમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે. તા.૧૪ જાન્યુઆરી સંક્રાંતના દિવસે લોકો ધાર્મિક, સામાજિક અને જીવદયાની દ્રષ્ટિએ દાન આપવાની પરંપરા નિભાવે છે. રાજકોટમાં મુખ્ય પાંજરાપોળ, બોલબાલા ટ્રસ્ટ, વાંકાનેર ગૌશાળા, શ્રીજી ગૌશાળા, કિસાન ગૌશાળા, અલગ અલગ જીવદયાપ્રેમી સંસ્થાઓ તમામ વિસ્તારોમાં મંડપ અને કમાન ઉભા કરે છે. દર વર્ષની આ પરંપરા છે. ડિસેમ્બરના છેલ્લા દિવસોમાં જ આ સંસ્થાઓ મંડપ ઉભા કરી દે છે અને ગૌ સેવા માટે સંક્રાંતિએ દાન મેળવે છે. હવે આ વખતે રાજકોટમાં વાઈબ્રન્ટ સમીટ યોજાવાની હોય, સમીટના રોડ અને વડાપ્રધાનના રૂટ સિવાયના વિસ્તારોમાં પણ મંડપ કમાનો ઉભા ન કરવા મંડપ એસો.ને જ દબાણ હટાવ શાખાએ સૂચના મોકલી દીધી છે.

ગ્લોબલ સમીટ તો રાજકોટની બહાર હાઈવે પર મારવાડી કોલેજ ખાતે યોજાવાની છે. પરંતુ સમીટમાં ભાગ લેવા આવનારા ઉદ્યોગકારો, સરકારના મંત્રીઓ, સચિવો સહિતના મહેમાનો રાજકોટની અલગ અલગ હોટલમાં ઉતરશે. મોરબી રોડ, કુવાડવા રોડ, કાલાવડ રોડ, મવડી ચોક, શહેરની મધ્યમાં આવેલી હોટલોમાં ઉતારા રાખવામાં આવ્યા છે.

# સમરસ હોસ્ટેલ મુદ્દે શિક્ષણ મંત્રીએ અધિકારીઓને ખખડાવ્યા

## સમાજ કલ્યાણ વિભાગના અધિકારીઓને એક સપ્તાહમાં રિપોર્ટ આપવા તાકીદ : શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાએ NSUIના આગેવાનો સાથે કરી બેઠક

રાજકોટ, તા. ૨૫
છેલ્લા બે દિવસથી સમરસ હોસ્ટેલમાં વસતા વિદ્યાર્થીઓને જે ખાદ્ય ખોરાક આપવામાં આવી રહ્યો છે તે સંપૂર્ણપણે ગુણવત્તા વગરનો હોવાનું માલુમ પડ્યું અને તેના વિડીયો અને ફોટો પણ વાયરલ થયા છે જે બાદ કોંગ્રેસની એનએસયુઆઈ પાસે દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો અને બીજા જ દિવસે ફૂડ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં રસોડામાં હાઈજેનિક કન્ડિશન જળવાયેલી ન હોવાનું માલુમ પડ્યું હતું. પરંતુ વિદ્યાર્થીઓને જે ખોરાક આપવામાં આવે છે તે સંપૂર્ણપણે ગુણવત્તા યુક્ત હોવાનું કહેતા વિવાદ ફરી વકર્યો હતો. ગઈકાલે યુનિવર્સિટી ખાતે પદવીદાન સમારોહ યોજાયો જેમાં શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા ઉપસ્થિત રહ્યા હતા અને પદવીદાન સમારોહ બાદ એનએસયુઆઈના આગેવાનોને તેઓ મળ્યા હતા અને ખાસ તો સમાજ કલ્યાણ વિભાગના અધિકારીઓને ખખડાવ્યા હતા અને એક સપ્તાહમાં રિપોર્ટ આપવા તાકીદ કરી હતી. ત્યારે હવે મહત્વનું એ છે કે ખરા અર્થમાં શિક્ષણ મંત્રી દ્વારા કહેવામાં આવેલું કાર્ય પરિપૂર્ણ થાય છે કે કેમ કે માત્ર વાતો કરીને મુદ્દો સાંજ પાડવા માટેના કાવતરા કરવામાં આવ્યા છે તેવું હાલ વિદ્યાર્થી સંગઠન કહી રહ્યું છે.

અહીં ઉલ્લેખનીય છે કે, સમરસ કુમાર હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને ગુણવતાયુકત ભોજન અપાતું ન હોવાની છેલ્લા લાંબા સમયથી ફરીયાદો ઉઠી હતી. તેની સાથોસાથ હોસ્ટેલમાં પંખા અને લીફટ વારંવાર બંધ રહેતી હોવાની પણ બુમરાળ અવારનવાર રહેતી હતી. આ મુદ્દે વિદ્યાર્થીએ હોબાળો મચાવ્યો હતો. જે બાદ મ્યુનિ. કોર્પો. ફુડ શાખાના અધિકારીઓએ સમરસ હોસ્ટેલ ખાતે દોડી આવી ભોજનની ગુણવતા ચકાસી હતી. દરમ્યાન આજે યુનિ.ના પદવીદાન સમારોહમાં હાજરી આપવા આવેલા રાજયના શિક્ષણ મંત્રી વાજાએ સરમસ હોસ્ટેલની અસુવિધા મુદે વિદ્યાર્થી આગેવાનો પાસેથી માહિતી મેળવી સમાજ કલ્યાણ અધિકારી ગામીત અને પીપળીયાનો ઉધળો લીધો હતો.

# શિષ્યોના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરે એ આચાર્ય

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૬૦મો પદવીદાન સમારોહ યોજાયો








રાજકોટ, તા. ૨૫
રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા અને શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૬૦મો પદવીદાન સમારોહ યોજાયો હતો. કાનજી ભુટ્ટા બારોટ રંગમંચ ખાતે 'સ્વદેશી અપનાવો, સ્વદેશી બિરદાવો'ની થીમ સાથે યોજાયેલ આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વિદ્યાથીઓ અને ગુરુજનોએ પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે, જેના પરિણામે વિદ્યાથીઓ અભ્યાસ પૂર્ણ કરીને પદવી મેળવી શક્યા છે. ભારતીય સંસ્કૃતિમાં વિદ્યાનું ઘણું મહત્વ છે. વિદ્યાથી મોટું કોઈ દાન નથી. શિષ્યોને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય એ ગુરુ. આપણી પ્રાચીન શિક્ષણ પરંપરામાં ગુરુ માટે આચાર્ય શબ્દ પણ વપરાયો છે. જે શિષ્યોને ફક્ત અક્ષરજ્ઞાન નથી આપતા, પરંતુ તેની સાથેસાથે શિષ્યોના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરે, તેમના જીવન નિર્માણની જવાબદારી પણ ઉપાડે છે, એ આચાર્ય.

પ્રાચીન કાળમાં ભારત અનેક વિદ્યાઓથી સમૃદ્ધ દેશ હતો. લોકો શિક્ષા પ્રાપ્ત કરવા માટે ભારતમાં આવતાં હતાં. વર્તમાન સમયમાં દેશ આ જૂની પરંપરા સાથે કદમ મિલાવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશમાં વિદેશીઓ અભ્યાસ કરવા માટે આવી રહ્યાં છે, જે ગૌરવપૂર્ણ બાબત છે. નવી શિક્ષણ નીતિમાં કૌશલ્ય પર પણ ભાર અપાયો છે. અભ્યાસમાં જાણકારીની સાથે વિવિધ કલાઓનો પણ સમાવેશ થતાં યુવાનો ભણતર ઉપરાંત પોતાના આગવા કૌશલ્યો વિકસાવીને પણ રોજગારી મેળવી શકે છે, તેમ રાજ્યપાલએ ઉમેર્યું હતું.

યુવાનોએ ખૂબ મહેનત કરીને મનગમતી પદવી પ્રાપ્ત કરી છે ત્યારે તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવામાં સહયોગી બને તેમજ માતા-પિતા અને ગુરુજનોના જીવનમાં સહાયરૂપ બને, તેમ જણાવી રાજ્યપાલએ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી.

પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજાએ પદવી પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, યુનિવર્સિટી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનું કાર્ય કરે છે. જ્યારે માતા-પિતા-ગુરુ વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાન અને સંસ્કારનું સિંચન કરવાનું કાર્ય કરે છે.

દીક્ષાંત એ અંત નહીં, પરંતુ દેશ પ્રત્યે ફરજ અને જવાબદારી નિભાવવાનો પ્રારંભ છે, તેમ શીખ આપતાં મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના વિઝનને પરિપૂર્ણ કરવામાં વિદ્યાર્થીઓ તેમના જ્ઞાનના ભંડારનો સદુપયોગ કરી સહભાગી બને. યુવા વિદ્યાર્થીઓને 'જોબ સિકર નહીં પરંતુ જોબ ગીવર' બનવાની પ્રેરણા આપતાં મંત્રી પ્રદ્યુમનભાઈએ સ્વદેશી અને 'આત્મનિર્ભર' ભારતના સ્વપનને ચરિતાર્થ કરવામાં સમર્પિત બનવા પણ આહવાન કર્યું હતું.

ઉલ્લેખનીય એ છે કે, આ કાર્યક્રમમાં કુલ ૪૩,૭૯૨ વિદ્યાર્થીઓને પદવી અપાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દાતાઓના સહયોગથી ૧૮૬ વિદ્યાર્થીઓને ૨૭૧ પ્રાઈઝ અપાયા હતાં. તેમજ વિદ્યાર્થીનીઓને ૧૨૯ ગોલ્ડ મેડલ તથા વિદ્યાથીઓને ૪૯ ગોલ્ડ મેડલ એમ ૧૪ વિદ્યાશાખાના ૧૬૦ વિદ્યાર્થીઓને કુલ ૧૭૮ ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતાં.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# સાણસો થોડો મોટો રાખજો

## ઉચ્ચ અધિકારીઓની નીચ વૃત્તિ ઉજાગરઃ ખેલ વ્યાપક હશે



સુરેન્દ્રનગર જિલ્લામાં ઈડીના દરોડા પડ્યા બાદ અધિકારીઓ સામે આકરી કાર્યવાહીથી ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઉચ્ચ અધિકારીઓની નીચ વૃત્તિ સામે આવી છે. સત્તાનો દુરુપયોગ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. પ્રજાના નાણાંની ખુલેઆમ લૂંટ ચલાવાતી હતી. આ દરોડા તો માત્ર શરૂઆત લાગે છે. અંદરનો ખેલ ઘણો મોટો અને વ્યાપક હશે.તપાસ એજન્સીઓએ હવે સજ્જ થવું પડશે. માછલીઓ પકડાઈ છે, મગરમચ્છો ઝડપવાના બાકી છે.

ભ્રષ્ટાચારના મૂળિયાં ઘણાં ઊંડા ઊતરેલા છે. એક અધિકારી પકડાય તો બીજા દસ ફફડે છે. કાળું નાણું ક્યાં છુપાયું છે તે શોધવું પડશે. બેનામી મિલકતોના દસ્તાવેજો બહાર આવી રહ્યા છે. આ આખું નેટવર્ક વ્યવસ્થિત રીતે ચાલતું હતું. વચેટિયાઓ અને અધિકારીઓની મિલીભગત સાબિત થઈ છે.

તપાસનો વ્યાપ હજુ વધારવાની જરૂર છે. સાણસો થોડો મોટો રાખજો. જો તપાસનો પરિઘ વધશે, તો અનેક મોટા માથાં પકડાશે. અત્યારે તો માત્ર સપાટી પરની ગંદકી દેખાઈ રહી છે. ઊંડા ઉતરશો તો આખું કૌભાંડ ખુલશે. ભ્રષ્ટ તત્વો હવે કાયદાના સાણસામાં આવ્યા છે. આ પકડ ઢીલી ન મૂકવી જોઈએ. જો સાણસો મોટો રાખશો, તો ઘણાં સફેદપોશ ગુનેગારો ઝડપાઈ જશે.

ઉચ્ચ હોદ્દા પર બેસીને હલકી વૃત્તિ રાખવી તે ગુનો છે. આવા અધિકારીઓ શાસન અને પ્રજા બંને સાથે દ્રોહ કરે છે. દરોડાની કાર્યવાહીથી જનતામાં એક આશા જાગી છે. પ્રમાણિક અધિકારીઓનું મનોબળ વધશે. ભ્રષ્ટાચારીઓના મનમાં કાયદાનો ડર પેદા થવો જોઈએ. સંપત્તિ જપ્ત થવી જોઈએ અને જેલના સળિયા મળવા જોઈએ.

સુરેન્દ્રનગરનો આ કિસ્સો બોધપાઠ સમાન છે. લોભની કોઈ સીમા હોતી નથી. પાપનો ઘડો ભરાય એટલે ફૂટે જ છે. તપાસ એજન્સીઓએ કડક વલણ અપનાવવું પડશે. કોઈની પણ શેહશરમ રાખ્યા વગર તપાસ થવી જોઈએ. ખેલ વ્યાપક છે, એટલે મહેનત પણ વધુ કરવી પડશે. સાણસો મોટો હશે તો જ આખું ટોળું જેલભેગું થશે.


ગુજરાતમાં ઘણાં અધિકારીઓ પોતે રાજવી હોય તેવો રોફ રાખે છે.શંકાસ્પદ પ્રવલ્રૂતિઓનો પણ પાર નથી. ભ્રષ્ટ તત્વો સામે વ્યાપક અને સટિક અભિયાન ચાલે તો મોટાભાગના અધિકારીઓના હાંડલા અભડાઈ જાય તેમ છે.રાજ્યભરમાં ઉચ્ચ અધિકારીથી માંડીને સામાન્ય કર્મચારીને કાયદાનું અને જવાબદારીનું ભાન કરાવવું જરૂરી છે.

# કલમ ૩૭૦ની દિવાલ તોડવાનો ગર્વ : મોદી

## રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ આપણને સંદેશ આપે છે કે દરેક પ્રયાસ રાષ્ટ્રનિર્માણ માટે સમર્પિત હોવો જોઈએ : મોદી

નવીદિલ્હી, તા. ૨૫

પીએમ મોદીએ ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ લખનૌનું ઉદઘાટન કર્યું. આ રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ ભૂતપૂર્વ વડા પ્રધાન ભારત રત્ન અટલ બિહારી વાજપેયીના આદર્શોને માન આપવા માટે બનાવવામાં આવ્યું છે. તેમાં અટલ બિહારી વાજપેયી, શ્યામા પ્રસાદ મુખર્જી અને દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાઓ છે. ₹૨૩૦ કરોડ (આશરે ૨.૩ બિલિયન) ના ખર્ચે બનેલ, ૬૫ એકરમાં ફેલાયેલા આ સ્થળમાં ભવ્ય પ્રતિમાઓ, એક સંગ્રહાલય અને એક સાંસ્કૃતિક કેન્દ્ર છે જે આ નેતાઓના યોગદાન અને વિચારોને પ્રદર્શિત કરશે અને યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રેરણા આપશે. પીએમ મોદીએ કહ્યું, ''આજે, લખનૌની આ ભૂમિ એક નવી પ્રેરણા જોઈ રહી છે. લોકો નાતાલની ઉજવણી કરી રહ્યા છે. હું આ માટે પણ બધાને અભિનંદન આપું છું. આ દિવસ, ૨૫ ડિસેમ્બર, બે મહાન વ્યક્તિત્વોનો જન્મ પણ છે. ભારત રત્ન અટલ બિહારી વાજપેયી અને મહામના મદન મોહન માલવિયા, જેમણે બંનેએ રાષ્ટ્ર નિર્માણમાં અનન્ય યોગદાન આપ્યું હતું.''



પીએમ મોદીએ કહ્યું, ''અટલ બિહારી વાજપેયી, શ્યામા પ્રસાદ મુખર્જી અને દીનદયાળ ઉપાધ્યાયની ભવ્ય પ્રતિમાઓ જેટલી ઊંચી છે, તેટલી જ ઊંચી પણ છે. રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ આપણને સંદેશ આપે છે કે દરેક પ્રયાસ રાષ્ટ્રનિર્માણ માટે સમર્પિત હોવો જોઈએ. હું લખનૌ, રાજ્ય અને સમગ્ર દેશને આ માટે અભિનંદન આપું છું. તેમણે કહ્યું, ''અમે શ્યામા પ્રસાદ મુખર્જીએ જમ્મુ અને કાશ્મીર માટે જે સ્વપન જોયું હતુ તે પૂર્ણ કર્યુ છે. ભાજપને ગર્વ છે કે તેમને કલમ ૩૭૦ ની દિવાલ તોડવાની તક મળી છે. આજે, ભારતમાં બનાવેલ માલ દુનિયા સુધી પહોંચી રહ્યો છે. 'એક જિલ્લો, એક ઉત્પાદન' પહેલ ઉત્તર પ્રદેશમાં ફળ આપી રહી છે. એક વિશાળ સંરક્ષણ કોરિડોરનું નિર્માણ થઈ રહ્યું છે. બ્રહ્મોસની શક્તિ, જે દુનિયાએ ઓપરેશન સિંદૂરમાં જોઈ હતી, તે લખનૌમાં બની રહી છે.''

રાષ્ટ્રીય પ્રેરણા સ્થળના ઉદઘાટન પ્રસંગે, સીએમ યોગીએ કહ્યું, ''આ આપણા બધા માટે ગર્વની ક્ષણ છે.'' સભાને સંબોધતા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, ''તમને એ જાણીને આનંદ થશે કે આપણા વડા પ્રધાન એક રાજકારણી છે જેમને ૨૯ દેશોના સર્વોચ્ચ સન્માન મળ્યા છે. આજે, આ શુભ પ્રસંગે, પ્રેરણા સ્થળનું અનાવરણ થઈ રહ્યું છે, જે દેશ માટે ગર્વની ક્ષણ છે.'' સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે પીએમ મોદીએ અટલ બિહારી વાજપેયી, શ્યામા પ્રસાદ મુખર્જી અને દીનદયાળ ઉપાધ્યાયના વિચારોને નક્કર આકાર આપવાનું કામ કર્યું છે. આજે, પીએમ મોદીના નેતૃત્વમાં, વિશ્વ ભારતનો અવાજ સાંભળે છે. જ્યારે ભારત બોલે છે, ત્યારે આખું વિશ્વ સાંભળે છે. હું એ હકીકત શેર કરવા માંગુ છું કે પીએમ મોદીએ ગરીબો અને ખેડૂતો માટે કામ કર્યું છે. તેમણે VB-G રામજી બિલ પસાર કર્યું છે, જે ૧૨૫ દિવસનું કામ પૂરું પાડશે. આ માટે પીએમ મોદીનું સ્વાગત કરવું જોઈએ.

# અલ ફલાહ યુનિ. પર EDનો સકંજો

## નિરીક્ષણ દરમિયાન, દસ્તાવેજો પર નકલી ડોકટરો અને નકલી દર્દીઓ દર્શાવવામાં આવ્યા હતા

નવીદિલ્હી, તા. ૨૫

હરિયાણાના ફરીદાબાદમાં આવેલી અલ ફલાહ યુનિવર્સિટી અંગે એક મોટો ખુલાસો થયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કરવામાં આવેલી તપાસમાં એવા પુરાવા મળી આવ્યા છે જે દર્શાવે છે કે રાષ્ટ્રીય તબીબી આયોગ સંબંધિત નિરીક્ષણ અને પરવાનગી પ્રક્રિયા છેતરપિંડીથી સંચાલિત કરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે પીજી બેઠકોની મંજૂરી અથવા રદ કરવા અંગેની માહિતી અગાઉથી મળી હતી. નિરીક્ષણની તારીખો પૂર્વનિર્ધારિત હતી. નિરીક્ષણ દરમિયાન, દસ્તાવેજો પર નકલી ડોકટરો અને નકલી દર્દીઓ દર્શાવવામાં આવ્યા હતા. આ માહિતી રાષ્ટ્રીય તબીબી આયોગ (NMC), દિલ્હી પોલીસ અને આવકવેરા વિભાગ સહિત અન્ય એજન્સીઓને મોકલવામાં આવી છે.




દિલ્હીમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસમાં આ કેસ પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. અલ ફલાહ યુનિવર્સિટીમાં સહાયક પ્રોફેસર રહેલા આત્મઘાતી બોમ્બર ઉમર નબી ઉપરાંત, ધરપકડ કરાયેલા આરોપી મુઝમ્મિલના પણ યુનિવર્સિટી સાથે જોડાણો હતા.

ED તપાસમાં સંબંધિત પક્ષના વ્યવહારો દ્વારા નાણાકીય લોન્ડરિંગનો ખુલાસો થયો છે. મેડિકલ કોલેજ અને હોસ્પિટલના બાંધકામનું કામ કારકુન કન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપર્સને આપવામાં આવ્યું હતું, જેમાં જવાદ અહેમદ સિદ્દીકીના પુત્ર અફહામ અહેમદ સિદ્દીકીની ૪૯% ભાગીદારી છે, પુત્રી આફિયા સિદ્દીકીની ૪૯% ભાગીદારી છે, ૨% ભાગીદારી એક કર્મચારીના નામે છે. હોસ્ટેલના કેટરિંગનો કોન્ટ્રાક્ટ અમલા એન્ટરપ્રાઇઝ એલએલપીને આપવામાં આવ્યો હતો, જેમાં પત્ની ઉસામા અખ્તરનો ૪૯% હિસ્સો છે, પુત્ર અફહામ અહેમદનો ૪૯% હિસ્સો છે. આ ઉપરાંત, આરોપીના ભાઈની કંપની સ્ટાર ફૂડ્સ પણ યુનિવર્સિટીને સપ્લાય કરી રહી છે. EDનું કહેવું છે કે આ બધી કંપનીઓ ખરેખર જવાદ અહેમદ સિદ્દીકીના નિયંત્રણ હેઠળ હતી, પરંતુ તે આવકવેરા રિટર્ન કે અન્ય સરકારી દસ્તાવેજોમાં દર્શાવવામાં આવી નથી.

# RSS શતાબ્દી વર્ષ પહેલા સંગઠનાત્મક માળખામાં મોટા ફેરફારોની આશંકા

## 'રાજ્ય પ્રચારક'ના નવા પદની રચના સાથે પ્રાદેશિક પ્રચારકોની સંખ્યા ઘટાડવામાં આવશે

નવીદિલ્હી, તા. ૨૫

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) તેના શતાબ્દી વર્ષ પહેલા તેના સંગઠનાત્મક માળખામાં મોટા ફેરફારો કરવાની તૈયારી કરી રહ્યું છે. સંઘના સૂત્રોના જણાવ્યા અનુસાર, ''રાજ્ય પ્રચારક'' ના નવા પદની રચના સાથે ક્ષેત્ર પ્રચારકો (પ્રાદેશિક પ્રચારકો) ની સંખ્યા ઘટાડવામાં આવશે, અને પ્રાંતીય વ્યવસ્થા નાબૂદ કરવામાં આવી શકે છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાન જેવા રાજ્યોના પ્રાદેશિક માળખામાં પણ ફેરફાર થશે. કમિશનરેટ સ્તરે ''વિભાગીય પ્રચારક'' ની નવી પોસ્ટ બનાવવામાં આવશે. સંઘના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેની ૧૦૦મી વર્ષગાંઠ પૂર્ણ થયા પછી સંઘની સંગઠનાત્મક વ્યવસ્થા અને આંતરિક માળખામાં ફેરફાર કરવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આ તૈયારી અને નવી વ્યવસ્થાના ભાગ રૂપે, ક્ષેત્ર પ્રચારકો (પ્રાદેશિક પ્રચારકો) ની સંખ્યા ઘટાડવામાં આવી શકે છે. અત્યાર સુધી, સમગ્ર દેશને ૧૧ પ્રદેશોમાં વહેંચવામાં આવ્યો હતો, જે હવે નવ સુધી મર્યાદિત રહેશે. ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને બેમાંથી એક ક્ષેત્રમાં મર્જ કરવામાં આવશે. અત્યાર સુધી, બંને પ્રદેશોમાં બે અલગ ક્ષેત્ર પ્રચારકો હતા. રાજસ્થાનને અલગ પ્રદેશ તરીકે નિયુક્ત કરવામાં આવશે નહીં; તેના બદલે, નવી વ્યવસ્થા હેઠળ, રાજસ્થાનને ઉત્તરીય ક્ષેત્રમાં ભેળવી દેવામાં આવશે.

વર્તમાન વ્યવસ્થામાં હરિયાણા, દિલ્હી, ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીર રાજ્યોનો સમાવેશ થાય છે. હવે, રાજસ્થાનને પણ આ વ્યવસ્થામાં સમાવવામાં આવી રહ્યું છે. પ્રાંત પ્રચારકોની જગ્યાએ, રાજ્ય પ્રચારકો બનાવવામાં આવશે. સંઘમાં પ્રાંતીય વ્યવસ્થા નાબૂદ થઈ શકે છે. પ્રાંતીય પ્રચારક વ્યવસ્થા, જે એક સમયે સંઘ માળખામાં મહત્વપૂર્ણ માનવામાં આવતી હતી, તે હવે અસ્તિત્વમાં રહેશે નહીં. દેશના દરેક રાજ્યમાં હવે એક પ્રચારક હશે, જેને રાજ્ય પ્રચારક કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યમાં, સાત પ્રાંતીય પ્રચારકોને બદલે, હવે એક રાજ્ય પ્રચારક હશે. વિભાગીય પ્રચારકોઃ કમિશનરેટ સ્તરે વિભાગીય પ્રચારકોની નવી વ્યવસ્થા રજૂ કરવામાં આવશે. રાષ્ટ્રીય સ્તરે, સમગ્ર દેશમાં ૭૫ થી વધુ વિભાગીય પ્રચારકોની નવી વ્યવસ્થા હશે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## પરબ્રહ્મ પરમાત્મા વિશેની માહિતી કે જાણકારી મેળવી લેવાથી એની પ્રતિતિ થતી નથી



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ક્રિશ્ચન લોકો ઇસુ ને ભગવાન તરીકે પૂજે છે, અને ક્રિશ્ચન સંપ્રદાયનો કોઈ પણ ફાંટો હોય ઈશ્વર તો એકજ છે,પણ આપણે ત્યાં એવું નથી. વૈદિક શાસ્ત્રોની રીતે જોઈએ તો આપણી પાસે આજે ખૂબ બધી ઈશ્વર કે પરબ્રહ્મ વિશેની માહિતી કે જાણકારી છે. ખૂબ મોટા મોટા વિદ્વાનો જ્યારે વેદ ઉપનિષદ કે ગીતાનાં શ્લોક કોટ કરી કરીને વાત કરતા હોય ત્યારે, આપણને એવું લાગે કે વાહ, કેટલું બધું જાણે છે કેટલું બધું જ્ઞાન છે! અને આપણે તેનાં પ્રભાવમાં આવી જઈએ છીએ! પણ એ તેનો અનુભવ હોવાથી આપણને સત્યનાં આનંદનો અનુભવ કરાવી શકે નહીં! તો બીજી બાજુ સાધુ સંતો પણ સમાજમાં પ્રવેશી ગયેલા દૂષણને દૂર કરવા ટેકનોલોજીનો સમન્વય કરતાં પણ શીખી ગયા છે, એટલે શાસ્ત્રને આધુનિક પેઢી સુધી પહોંચાડવાના તમામ પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ શાસ્ત્રની કે પરમશક્તિની જેટલી વ્યાપકતા છે, એટલો એનો પ્રયોગ થઈ રહ્યો નથી, કારણ કે એ દરેકનો અનુભવ નથી. આપણી માહિતી કે જાણકારી જ્યારે અનુભવ, અનૂભૂતિ, અને પ્રતિતિ, સુધી વિસ્તરે ત્યારે એ જ્ઞાન સિદ્ધ થાય છે. જ્યારે આપણે જ્ઞાન એટલે જ્ઞાત હોવું એટલો જ સિમિત અર્થ કરીને એની અધૂરી વ્યાખ્યા કરી. પહેલા આપણે બ્રહ્મની વ્યાપકતા ને જો સ્વીકારી લેવામાં આવે, તો બ્રહ્મજ્ઞાન મેળવવું કેટલું આસાન છે, પણ જાણકારી માત્રથી બ્રહ્મ જ્ઞાન સિદ્ધ થતું નથી,અને એમ જ હોય તો તો આજે સમાજની આવી હાલત ન્હોત! બધાં જ વિદ્વાન કે જ્ઞાની હોત! પણ નથી, કારણકે એ વાત માત્ર જાણકારી સુધી સિમિત છે. તો આજે આપણે આ માહિતી કે જાણકારી જ્ઞાન કંઈ રીતે બની શકે એ વિશે ચિંતન કરીશું.

કોઈવાર અજાણ્યા રસ્તા પર બહુ દૂર સુધી બહાર ગયા હોઈએ, અને પાછા ફરતા અંધારું થઈ જાય, તો બહુ સ્વાભાવિક રીતે જ માર્ગની જાણકારી ન હોય એટલે ખાડા ટેકરા વગેરે આવે! પરંતુ બીજી વાર આપણે એ માર્ગે આવવાનું પસંદ કરતા નથી, અથવા તો તારવી તારવીને વાહન ચલાવીએએ છીએ! અને જો ધ્યાન ન આપીએ તો આપણે મૂર્ખ સાબિત થઈએ! આપણે આધુનિકતા નામે આવી ભૂલ વારંવાર કરીએ છીએ! જે આપણું નથી, આપણી માટે સાવ અજાણ્યું છે! એ એટલું બધું અવરોધક કે નુકસાન કર્તા હોવા છતાં અપનાવીએ છીએ, અને જે આપણી સંસ્કૃતિ છે એને ભૂલતા જઈએ છીએ. ક્રિસમસ એટલે ઈસુ ખ્રિસ્તના જન્મની વાત! અને એ એક મસીહા હતાં, એ રીતે એને યાદ કરી વંદન કરી લેવાં. આજની પેઢી આ બધું સહજતાથી સ્વીકારી રહી છે, જે સમાજ માટે એક લાલબત્તી સમાન છે! પણ એના મૂળમાં જોઈએ તો પાશ્ચર્ય સંસ્કૃતિમાં સ્વતંત્રતા એ એક બહુ મોટો ભાગ ભજવે છે, અને આજની પેઢીને એ જ આકર્ષે છે. એને સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ સમજાવવો બહુ જરૂરી છે.

આપણે ઉપર વાત કરી કે આપણી ઈશ્વર વિશેની કે પરબ્રહ્મ વિશેની માહિતી કે જાણકારી એ જ્ઞાન સિદ્ધ થતું નથી, કારણ કે એમાં જે તે વ્યક્તિનો અનુભવ, અનુભૂતિ, કે પ્રતીતિ જોડાયેલી હોતી નથી. આપણે ઈશ્વર રુપી સત્યને ત્રિપરિમાણીય રીતે સ્વીકાર્યું છે, એટલે વસ્તુ પદાર્થની સચ્ચાઈ જાણવા માટે અનુભવ થવો બહુ જરૂરી છે, જેમ કે આ આગ છે,અને એમાં હાથ નાખીએ એટલે દાઝી જવાય! લાગણી ના સ્તરે અનૂભૂતિ થવી જરૂરી છે, પ્રિય પાત્રનો સ્પર્શ થતાં હૃદય પુલકિત થાય છે, અને ધબકારા વધી જતાં કે ઘટી જતાં અનુભવાય છે. કોઈ વાર ઝલક માત્ર થઈ જાય તો લાગણી ઉછાળા મારતી હોય એવું લાગે. ભાવ પૂર્તિ વગર પ્રતિતિ થતી નથી, જેમકે પાણી પીધા વગર તૃપ્તિ થતી નથી! બહુ ભૂખ લાગી હોય ત્યારે વ્યંજનની વાત કરવાથી કંઈ વળતું નથી, કંઈક ઠોસ ખાવું પડે ત્યારે ભાવ પૂર્તિ થાય! જમ્યા પછીનો ઓડકાર એ આપણી જમ્યાની પ્રતિતિ છે. જો એકવાર આ ત્રણેય સ્તરે આપણી સમજ વિસ્તરે તો એને તરત સ્વીકૃતિ મળી જાય, એટલે કે આપણે માની લઈએ, સ્વીકારી લઈએ કે હા હો! ઈશ્વર તો છે જ! પણ ત્યાં સુધી એ ઈશ્વર મંદિરની મૂર્તિ પૂરતો જ સીમિત રહે છે. પ્રથમ પગથિયે આપણે પરબ્રહ્મને બહારના વિશ્વમાં અનુભવીએ છીએ જેમકે પ્રકૃતિ! કીડીને કણ અને હાથીને મણ કોણ આપે છે?, સૂર્ય રોજ નિયત સમયે જ ઉદય અને અસ્ત પામે છે! પતંગિયાની પાંખમાં આટલા સૂક્ષ્મતમ રંગો કોણ પૂરે છે? ચોમાસામાં જ દેડકાનું ડ્રાઉં ડ્રાઉં શું કામ સંભળાય છે ? પંખીને પાંખ કોણ આપે છે? અને એને ઉડવાનું છે ચાલવાનું નથી એમ કોણ શીખવે છે? આમ ધીરેધીરે બાહ્ય પ્રકૃતિ માંથી આતંર પ્રકૃતિ તરફ જોવાનું છે,અને મને બાળક માંથી યુવાન કોણ બનાવે છે? સમયે સમયે કોણ ટકોર કરે છે! આગમાં હાથ નાંખતા કોણે રોકે છે? અને તરસ લાગી! ભૂખ લાગી! એવાં ભાવ કોણ કરાવે છે! અને પાણી પીવાથી ક્ષણિક તૃપ્તિનો એહસાસ કોણ કરાવે છે? કોઈ તો છે જ જે મને જગાડે છે અને સુવાડે પણ છે! ભલે સૂર્ય જેટલું નહીં પણ થોડુક અજવાળું તો ભીતરે ક્યાંક છુપાયું હોય એવો ભાસ કોણ કરાવે છે?

તો આ રીતે ઈશ્વર એટલે કે પરબ્રહ્મ કે કોઈ તો પરમ શક્તિ છે! એવું સત્ય અનુભવાય તો આગળની યાત્રા શરૂ થાય,અને ઉપાસના કે સાધનાનાં મંડાણ શરું થાય! કે જ્યાં સાકાર કે સગુણ સ્વરૂપે પરબ્રહ્મ એટલે કે દ્વૈત સ્વરૂપે સમજાય! જ્યાં હું અને તું! મારું અસ્તિત્વ તારા થકી જ છે, અને મારામાં પણ તું છે, એટલે જ હું જીવંત છું! બસ એટલી સમજ! પણ હું પણું હોવાથી જાણતા હોવા છતાં એટલું સહજતાથી આ કહી શકાતું નથી. કોઈ વખત બહુ મુશ્કેલીનાં સંજોગોમાં ઘેરાયાં હોઈએ, અને બચવાના કોઈ ચાન્સ ન હોય ત્યારે જો બચી જઈએ તો! કદાચ પહેલું પગથિયું સર થાય! એટલે ક્યારેક એવું પણ થાય કે ખરાબ અનુભવ પછી સમજાય! પરંતુ દુનિયાભરના ખરાબ અનુભવો થયા પછી પણ એ પરબ્રહ્મ અનુભવાય નહીં તો આપણી જિંદગી વ્યર્થ છે.

પરબ્રહ્મ કે ઈશ્વરનાં અસ્તિત્વ આપણે સ્વીકારતા નથી એવું બિલકુલ નથી! આપણે સૌ સ્વીકારીએ છીએ કે ઈશ્વર છે. પરંતુ કાંતો કોઈ માંગણી માટે ઈશ્વરને યાદ કરીએ છીએ, અથવા તો કોઈ મુસીબત આવે ત્યારે એમાંથી સાંગો પાંગ બહાર નીકળવા માટે ઈશ્વરને આપણે યાદ કરતા હોઈએ છીએ! અથવા તો ભોગ મળતાં રહે અને આરામથી એને ભોગવતો રહું! એ માટે પરબ્રહ્મ ને યાદ કરાય છે, એટલે કે પ્રાર્થના કરીએ છીએ. ભોગી અને સંસારીની આ જ માનસિકતાને કારણે તેને ઈશ્વર પોતાની અંદર વસેલો હોવા છતાં અનુભવી શકાતો નથી. ખપ પડે એટલે ઘડીક તેને ભજી લઈએ, એટલે વાત પૂરી! કે પછી ''વખત સરે વૈદ્ય વેરી'' એમ પાછાં હું થઈને ફરવા લાગીએ છીએ! સમજને લાગણીના સ્તરે લઈ જવા માટે એની સાથે એનું જોડાણ થવું બહુ જરૂરી છે. નાના હોઈએ ત્યારે પાટીમાં કક્કાનો ''ક'' કે એકડો કરતા શીખીએ, તો પછી જીવનભર એ ભૂલાતો નથી. એમ અનુભવ ઘુટાંય તો કદાચ અનુભૂતિના સ્તર સુધી જઈ શકાય, અને પછી એ જોડાણ ક્યારેય છૂટતું નથી. આપણે સૌ અનુભવ, અનુભૂતિ, પ્રતીતિનાં ભાવને આત્મસાત કરી ઈશ્વર હોવાની સ્વીકૃતિની મહોર મારી દઈએ, કે જેથી કરીને આપણું સકળ અસ્તિત્વ પણ ફૂલ જેમ પુલકિત થઈ જાય, અને એની સુગંધ સમાજને આવું કરવા પ્રેરણા આપે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# સમુદ્રના પેટાળમાં ભારતને મળી સફળતા

## ભારતે મહાસાગરોની ઊંડાઈમાં એવું તકનીકી પરાક્રમ દર્શાવ્યું જેને વિશ્વના પસંદગીના દેશોમાં સ્થાન આપ્યું

નવીદિલ્હી, તા. ૨૫

અત્યાર સુધી, દુનિયાએ ફક્ત ભારતની અવકાશ પરાક્રમ જોઈ હતી. પરંતુ ૨૦૨૫ માં, ભારતે એવી સિદ્ધિ મેળવી છે જે ફક્ત થોડા દેશો જ પ્રાપ્ત કરી શક્યા છે. ભારતે સમુદ્રના સૌથી ખતરનાક, અંધારાવાળા અને દબાણ-સંભવિત પ્રદેશોમાં સફળતાપૂર્વક પ્રવેશ કર્યો છે. તેણે પોતાની મશીનરી એવી જગ્યાએ ઉતારી છે જ્યાં સૂર્યપ્રકાશ પણ પહોંચી શકતો નથી. આ સાથે, તેણે હવે માનવોને ઉતારવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભારતે મહાસાગરોની ઊંડાઈમાં એવી તકનીકી પરાક્રમ દર્શાવી છે કે તેણે તેને ઊંડા સમુદ્રી ટેકનોલોજી સાથે વિશ્વના પસંદગીના કેટલાક દેશોમાં સ્થાન આપ્યું છે. ૨૦૨૫ માં, ભારતના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES) હેઠળ કાર્યરત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેકનોલોજી (NIOT) એ ૫,૨૭૦ મીટરની ઊંડાઈએ ઊંડા સમુદ્રી ખાણકામ પ્રણાલીનું સફળતાપૂર્વક પરીક્ષણ



કર્યું. આ પરીક્ષણ પ્રયોગશાળા કે નિયંત્રિત ટાંકીમાં નહીં, પરંતુ ખુલ્લા સમુદ્રની વાસ્તવિક પરિસ્થિતિઓમાં કરવામાં આવ્યું હતું, જ્યાં દબાણ, તાપમાન અને સંદેશાવ્યવહાર સૌથી મોટા પડકારો ઉભા કરે છે.

ભારત ઊંડા સમુદ્રી સંસાધનો પર તકનીકી નિર્ભરતામાંથી પોતાને મુક્ત કરવા તરફ આગળ વધી રહ્યું છે. આ હવે આયાત પરની તેની નિર્ભરતા ઘટાડવાનો માર્ગ મોકળો કરે છે. દરિયાઈ ક્ષેત્રમાં વ્યૂહાત્મક સ્વનિર્ભરતા મજબૂત થઈ છે. આ સિદ્ધિ ભારતના ડીપ ઓશન મિશનના સૌથી મહત્વપૂર્ણ સ્તંભોમાંનો એક માનવામાં આવે છે. ભારતનું આગામી લક્ષ્ય સિસ્ટમ વિશ્વસનીયતાને વધુ વધારવા અને લાંબા ગાળાની કામગીરી ક્ષમતાઓ વિકસાવવાનું છે. વધુમાં, ભવિષ્યમાં, તે વાણિજ્યિક ઊંડા સમુદ્ર ખાણકામ તરફ આગળ વધવાનું લક્ષ્ય રાખે છે. સરકારી સ્તરે એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ઊંડા સમુદ્ર ખાણકામ પર્યાવરણીય ટકાઉપણું સાથે જોડાયેલું હશે. દરેક તબક્કે ઇકોલોજીકલ અસર અભ્યાસ હાથ ધરવામાં આવશે. વાણિજ્યિક ખાણકામ પહેલાં વૈજ્ઞાનિક ડેટાને પ્રાથમિકતા આપવામાં આવશે. આનો અર્થ એ છે કે આ કોઈ રેસ નથી, પરંતુ એક નિયંત્રિત અને જવાબદાર મિશન છે.

ઊંડા સમુદ્ર ખાણકામ હવે ફક્ત વિજ્ઞાનનો વિષય નથી. તે ઊર્જા, ટેકનોલોજી અને રાષ્ટ્રીય સુરક્ષા માટેની વૈશ્વિક દોડનો ભાગ બની ગયું છે. ઊંડા સમુદ્રમાં ખોદકામ કરવાની ક્ષમતા ધરાવતો દેશ ભવિષ્યની સપ્લાય ચેઇન અને વ્યૂહાત્મક ખનિજોને નિયંત્રિત કરશે.

૫,૨૭૦ મીટરની ઊંડાઈ પર ભારતનું સફળ પરીક્ષણ આ પરિવર્તનનો સંકેત આપે છે. ભારત ફક્ત લાઇસન્સ ધારક જ નહીં, પણ વાસ્તવિક ક્ષમતાઓ દર્શાવતા ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે. સમુદ્રની કાળી ઊંડાઈ હવે ભારત માટે પડકાર નથી, પરંતુ એક તક છે. ચંદ્ર અને મંગળ પછી, ભારતે હવે તેની આગામી મુખ્ય વૈજ્ઞાનિક અને વ્યૂહાત્મક સીમા સ્પષ્ટ રીતે ઓળખી કાઢી છે. સમુદ્રની ઊંડાઈ, ભારતનું પ્રથમ માનવ સંચાલિત ઊંડા સમુદ્ર સબમર્સિબલ, MATSYA-૬૦૦૦, મુખ્ય તકનીકી અને સલામતી પરીક્ષણો સફળતાપૂર્વક પાસ કરી ચૂક્યું છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે ભારત હવે સમુદ્રની ઊંડાઈમાં માનવોને મોકલવાની ખૂબ નજીક છે.

### ઓનલાઇનની સાથે સાથે ઓફલાઇન ફ્રોડમાં પણ ગઠીયાઓ અવ્વલ

# વૃધ્ધ સાથે બીટકોઈનના નામે એક કરોડનું ફ્રોડ

## રોકાણ પર મોટો નફો મળશે તેવુ લાલચનું ગાજર આપી રૂપિયા ખાઇ ગયાઃ બીજી તરફ બેંક એકાઉન્ટ ભાડે આપી ઠગાઇ આચરવાના વધુ નવા ગુના આવ્યા સામે

રાજકોટ, તા. ૨૫

ઓનલાઇન ફ્રોડની દુનિયામાં શેરબજાર, ટાસ્ક, બીટ કોઇન સહિતમાં રોકાણ કરી મોટો નફો આપવાની લાલચ દઇ રોજબરોજ લોકોના લાખો કરોડો ઉસેડી લેવામાં આવે છે. આવી ઘટના રોજીંદી છે આમ છતાં લોકો લાલચમાં આવીને કે પછી અજાણતા જ ગઠીયાઓની જાળમાં ફસાઇ જાય છે. જો કે વધુ એક કિસ્સો બન્યો છે જેમાં બે શખ્સોએ-ગઠીયાઓએ વધુ એક વૃધ્ધને રૂબરૂ મળી મિત્રતા કેળવી હતી અને બાદમાં જાળમાં ફસાવ્યા હતાં. આ વૃધ્ધને બીટકોઇનમાં કમાણીની લાલચનું ગાજર બતાવી નેવુ લાખનો ચૂનો લગાવી દેવાયો છે. બે ગઠીયાએ આ કરતૂતને અંજામ આપતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.




વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં બિટકોઇનમાં રોકાણના બહાને એક નિવૃત્ત વૃધ્ધ સાથે નેવુ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે બે આરોપીઓ સામે પાદરા પોલીસ મથકમાં છેતરપિંડી અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ ઓગણસિત્તેર વર્ષના નરેન્દ્રભાઈ અંબાલાલ પટેલ વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં રહે છે. તેઓએ નોંધાવેલ ફરિયાદ મુજબ તેમણે આરોપીઓએ તેમની સાથે મિત્રતા કેળવી અને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ બિટકોઈનમાં મોટો નફો મળશે તેવી લાલચ આપીને રોકાણ કરાવ્યું હતું.

આ પછી આરોપીઓએ આરટીજીએસ અને યુપીઆઈ મારફતે કુલ ૭૦ લાખ રૂપિયા અને નફાના નામે વધારાના ૨૦ લાખ રૂપિયા એમ કુલ ૯૦ લાખ રૂપિયા તેમના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. ફરિયાદીના જણાવ્યા મુજબ આરોપીઓએ આ રકમ કોઈપણ પ્રકારના રોકાણમાં વાપર્યા વગર પોતાના અંગત ખર્ચમાં વાપરી લીધી હતી. લાંબા સમય સુધી પૈસા પરત આપવાની ખાતરી આપ્યા બાદ પણ રકમ ન મળતાં અંતે પોલીસમાં ફરિયાદ નોંધાવવી પડી હતી. આ કેસમાં આરોપી રોબર્ટ ઇશ્વરભાઈ પટેલીયા અને જોસેફભાઈ બાબરભાઈ સેમ્યુઅલ સામે ગુનો દાખલ થયો છે. પાદરા પોલીસે આ છેતરપિંડી આચરનાર બંને રૂપિયાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

એકાઉન્ટભાડે આપી ઠગાઇ કરવાના વધુ કેટલાક કિસ્સા સામે આવ્યા છે. ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત જામનગર જિલ્લામાં કુલ ચોવીસપોલીસ ફરિયાદ નોંધાવાઇ ચૂકી છે. જેમાં વધુ એક ફરિયાદનો ઉમેરો થયો છે, અને સીટી એ-ડિવિઝન પોલીસ મથકમાં ૨ આરોપીઓ સામે વધુ એક ગુનો દાખલ કરાયો છે, જેઓ દ્વારા ૯.૯૦ લાખનું અન ઓથોરાઇઝ ટ્રાન્જેક્શન કરાયાનું પોલીસમાં જાહેર થયું છે. એ. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ વિપુલભાઇ સોનગરાની ફરિયાદના આધારે જામનગરમાં દિગ્વિજય પ્લોટમાં રહેતા વિમલ રાજેશભાઇ મહેતા તેમજ પુનિતભાઇ રાઠોડ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેઓ બંને દ્વારા બેંક ખાતુ ખોલાવીને કુલ ૯,૯૦,૦૦૦ ની રકમ, કે જેનું અન ઓથોરાઇઝ ટ્રાન્જેક્શન કર્યું હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું હતું. જામનગર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૫૭ આરોપીઓ સામે ૨૫ ફરિયાદ દાખલ કરી લેવાય છે, અને સમગ્રપ્રકરણમાં પોલીસ દ્વારા ડાણપૂર્વકની તપાસ હાથ ધરીને કુલ ૨૪ આરોપીઓને ઝડપી લેવાયા છે, અને અઢી કરોડથી વધુંનું ગેરકાયદે ટ્રાન્ઝેક્શન સામે આવ્યું હતું.

આ ઉપરાંત મોરબી સાયબર ક્રાઇમ પોલીસમાં ફરજ બજાવતા મનોજભાઇ ઠાકશીભાઇ લક્મેં આરોપીઓ સંજય ખેંગારભાઇ સોલંકી અને મનોજ મોહનભાઇ ચૌહાણ કે જે મોરબીનો છે તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આરોપી મનોજ ચૌહાણે અન્ય શખ્સો સાથે મળી સાયબર ફ્રોડ કે છેતરપીંડીથી મેળવેલ નાણા સગેવગે કરવા આરોપી સંજય સોલંકીના સેવિંગ એકાઉન્ટ ખોલાવી રૂા.૨૪,૦૯,૧૫૦ જમા કરાવી કમીશન પેટે રૂા.૧૦,૦૦૦ આપી ખાતામાં જમા કરેલી રકમ ચેક, એટીએમથી વિડ્રો કરી સગેવગે કર્યાની ફરિયાદ નોંધાવી છે સાયબર ક્રાઇમ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

# અટલ બીહારી વાજપેયીને જન્મદિને શબ્દાંજલિ-પુષ્પાંજલિ અર્પતા ઉદય કાનગડ

## શહેર અને જિલ્લા ભાજપ દ્વારા પણ અટલજીને ભાવવંદનાથી યાદ કરાયા

રાજકોટ, તા.૨૫

ભારતીય રાજનિતીના નોખા-અનોખા રાજનેતા અટલજી વચન, પ્રવચન, અને આચરણના પુરૂષ હતા. અટલજીની પાંચ દશક લાંબી રાજકીય યાત્રા, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડએ શ્રધ્ધેય અટલબીહારી બાજપાઈજીને શત શત નમન કરતા જણાવ્યું હતું કે શ્રધ્ધેય અટલજી બિહારી વાજપેયીનો જન્મતા.૨૫ ડિસેમ્બર,૧૯૨૪ના રોજ ગ્વાલીયરના બ્રાહમણ પરિવારમાં થયો હતો. પોતાના જીવનકાળ દરમ્યાન અનેક ઉતાર-ચઢાવનો અનુભવ કરનાર અટલજી બચપણમાં વિદ્યાર્થી પ્રવૃતિઓથી લઈને આર.એસ.એસ.ના સ્વયંસેવક અને ત્યારબાદ સંઘના પ્રચારક બની ગયા. સંઘમાંથી જનસંઘમાં ડો. શ્યામાપ્રસાદ મુખજીર્ના યુવા સાથી બની રાજનિતીમાં પદાપર્ણ કર્યું હતું.



સત્યાગ્રહો-આંદોલનોમાં સક્રિય રહયા. જનસંઘ પછી ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ બન્યા. ૧૯૭૭માં જનતા પક્ષની સરકારમાં વિદેશ પ્રધાન અને લગાતાર ત્રણ-ત્રણ વાર ભારતના વડાપ્રધાન બન્યા. ૧૯૯૩માં કાનપુરની વિશ્વ વિધ્યાલયે માનદ ડોક્ટરની ડીગ્રી એનાયત કરી. ૧૯૯૯માં પ્રસિધ્ધ લોકમાન્ય તિલક એવોર્ડ આપવામાં આવ્યો. ૧૯૯૮માં દેશની સંસદે તેઓને સર્વસંમતિથી સર્વશ્રેષ્ઠ સાંસદનો ઉચ્ચ ખિતાબ આપ્યો. ૨૦૧૪માં તેમને 'ભારત રત્ન' પુરસ્કારથી નવાજવામાં આવ્યા.આમ અટલજી એક મૂલ્યનિષ્ઠ રાજનેતાની સાથોસાથ ઉતમ વકતા, ઉમદા લેખક, વિચારવાન વિચારક અને સાચા ઈન્સાન તો હતા જ પરંતુ એક સંવેદનશીલ કવિ પણ હતા.તેઓ પ્રજાસતાક ભારતના ૧૦માં વડાપ્રધાન તરીકે અલગ--અલગ ત્રણ સમયગાળા માટે પ્રધાનમંત્રી પદે રહી ચૂક્યા હતા. અટલજી માત્ર રાજકીય વિચારધારા સાથે નહી પરંતુ રાષ્ટ્રવાદની વિચારધારા અને સર્વજન હિતાય, સર્વજન સુખાય સાથે રાષ્ટ્ર માટે પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યું છે.

આજે અટલજીના જન્મ દિવસે શહેર તેમજ જિલ્લા ભાજપ દ્વારા પણ કાર્યાલયોમાં જન્મ દિવસે પુષ્પાંજલિ, શબ્દાંજલિ અર્પીને તેઓની દેશ પરત્વેની ફરજઅને સેવાને વાગોળાઈ હતી.

### પત્ની સહિતના પરિવારને ખોલીમાં બેસાડીને

# પરપ્રાંતીય યુવાન દોરડે લટકી ગયો

## ચંદ્રપાલના આપઘાતથી ૪ સંતાનો પરથી ઉઠી ગઈ પિતાની છત્રછાયા : ગૃહકંકાશે જીવ લીધાનું પોલીસનું અનુમાન

રાજકોટ, તા.૨૫

વિરાણી અઘાટ વિસ્તારના, નહેરુનગરમાં રહેતા ઉત્તર પ્રદેશના પરિણીત યુવાને પોતાના ઘરે સવારે ગળેફાંસો ખાઈને જિંદગી ટૂંકાવી નાખતા ચાર સંતાનો પરથી પિતાની છત્રછાયા ઉઠી ગઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં યુપીના યુવાનને પોતાના પરિવારમાં પત્ની સાથે નાની મોટી રોજીંદી થતી રકઝકને કાયમી બંધ કરવા આ પગલું ભર્યાનું પ્રથમ દ્રષ્ટિએ સાંભળવા મળ્યું છે. બનાવની વધુ તપાસ ભક્તિનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પ્રશાંતસિંહ ગોહિલ અને રાઇટર રાજેશભાઈ સાકરીયાએ હાથ ધરી છે.



પ્રાપ્ત વિગતો મુજબ મુજબ શહેરના વિરાણી અઘાટ, ન્યુ નહેરુનગર શેરી-૨ માં રહેતા ચંદ્રપાલ રામફેરલ ગૌતમ નામના ૩૫ વર્ષના યુપીના યુવાને આજે સવારે પોતાની ખોલીમાં ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ને ઘટના સ્થળે બોલાવાઈ હતી. પરંતુ ઈએમટી ડો. હું પુલકિત પ્રજાપતિએ ચંદ્રપાલને જોઈ તપાસીને મૃત જાહેર કર્યો હતો. દરમિયાન બનાવની જાણ પરથી ભક્તિનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચીને મૃતક ચંદ્રપાલની ડેડબોનીને પીએમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડી હતી.

બનાવની વધુ વિગતો આપતા ભક્તિનગર પોલીસ સ્ટેશનના રાઈટર રાજેશભાઈ સાકરીયાએ 'રાજકોટ મિરર'ને જણાવ્યું હતું કે ચંદ્રપાલ પોતાના વતનમાં પણ એક પત્ની અને ચાર સંતાનો ધરાવતો હતો. છેલ્લા ૧૨વર્ષથી મજૂરી કરવા માટે તે રાજકોટ આવી ગયો હતો અને અહીં પણ બીજી પત્ની અને ૪ સંતાનો સાથે રહેતો હતો. આડોશી પાડોશીમાંથી જાણવા મળ્યા મુજબ યુપીના આ પરિવારમાં રોજ નાના મોટી બબાલ થતી હતી. કાયમી ઘરકંકાશ શાંત કરવા માટે આજે ચંદ્રપાલે પોતાની ભાડે રાખેલી બે ખોલીમાંથી એક ખોલીમાં પોતાની પત્ની અને ચાર બાળકોને મૂકીને બીજી ખોલીમાં જઈને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે બનાવ સ્થળેથી કોઈ સુસાઇડ નોટ મળી નથી. પરંતુ આજુબાજુમાંથી જાણવા મળ્યા મુજબ દંપત્તિ વચ્ચે રોજબરોજ કંકાસ થતી હતી અને કદાચ આવા કારણે ચંદ્રપાલે આપઘાત કરી લીધાનું મનાય છે. હાલમાં પોલીસે તેમના ઉત્તર પ્રદેશ સ્થિત રહેતા વાલીઓને બનાવની જાણ કરીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

**યુવાન-યુવતી ગૂમ**

શહેરના પુનિત નગરમાંથી ૨૫ વર્ષનો યુવાન અને લક્ષ્મણ ટાઉનશિપમાંથી ૨૧ વર્ષની યુવતી રહસ્યમય સંજોગોમાં પોતપોતાના ઘરેથી ગુમ થયાની રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ફરિયાદ કરવામાં આવી છે.

બંને બનાવવાની મળતી વિગતો મુજબ શહેરના ૮૦ ફૂટ રોડ પર આવેલા તપન હાઇટ્સ બાજુના લક્ષ્મણ ટાઉનશિપમાંથી પ્રવીણભાઈ મંગાભાઈ જાદવની ૨૧ વર્ષની પુત્રી હેમાંગીબેન આજે સવારે ૯-૦૦ વાગ્યે પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી જતા તેમની ચારે બાજુ શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ ક્યાંય પતો ન લાગતા તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. ગુમ થનાર યુવતીના પિતાએ જણાવ્યું છે કે હેમાંગી કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે તેમજ ઘરેથી નીકળે ત્યારે આછો ગુલાબી ડ્રેસ અને ચુંદડી પહેરી છે. જમણી બાજુ ગાલ પર લાખનું નિશાન ધરાવે છે. પિતાની જાણ પરથી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ ઠાકર(મોટામવા) ચોકી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

જ્યારે બીજા બનાવવામાં સતનામ સોસાયટી. પુનિતનગર સોસાયટીની બાજુમાં રહેતા રૂપાભાઈ ઢોળીયાના ૨૫ વર્ષનો પુત્ર લાલજી પોતાનું જીજે ૦૩ એકે ૫૨૦૭ નંબરનું એક્ટીવા લઈને ગત ૯મી ડિસેમ્બરના રોજ ૧૨ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યો ગયો છે. સગાવહાલા ઉપરાંત ચારે બાજુ તેમની શોધખોળ કરવા છતાં તેમનો ક્યાંય પતો ન લાગતાં આ બારાની તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ વી.કે. કાતડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

### ત્રણ એક સરખી ઘટનાઓમાં ત્રણ પરિવારોએ ગુમાવ્યા મહિલા સદસ્ય!

# વાહન અકસ્માતમાં બે દંપતિ ખંડીત

## મેટોડામાં કારની ઠોકરે રીક્ષા ચડતાં બકાલુ વેંચી ઘરે જઇ રહેલા મહિલાનું મોત, તેના પતિને ઇજાઃ ગોડલ રોડ ચોકડીથી હુડકો ચોકડી વચ્ચે હિટ એન્ડ રનમાં પતિની નજર સામે વૃધ્ધાનું મોતઃ માળીયા પાસે ટ્રકની ઠોકરે માતાનું મોત-દિકરાને ગંભીર ઇજા


રાજકોટ, તા. ૨૫

જીવલેણ વાહન અકસ્માતની ત્રણ ઘટનાઓમાં ત્રણ પરિવારના માળા વેરવિખેર થઇગયા હતાં. એક બનાવમાં શાકભાજીના ધંધાર્થી દંપતિની રિક્ષા કારની ઠોકરે ચડી જતાં તેમાં પત્નિનો ભોગ લેવાયો હતો અને પતિને ઇજા પહોંચી હતી. બીજા બનાવમાં ગોંડલ રોડ ચોકડીથી હુડકો ચોકડી વચ્ચે દિકરીના ઘરે આટો દેવા જઇ રહેલા દપતિમાંથી પત્નિને સ્કોર્પીયો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં તેમનું પતિની નજર સામે મોત થયું હતું. ત્રીજા બનાવમાત્રીજી ઘટનામાં દરગાહે દુઆ સલામ માટે નીકળેલા મા-દિકરો ટ્રકની ઠોકરે આવી જતાં માતાનું મોત થયું હતું અને દિકરાને ગંભીર ઇજા થઇ હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો મેટોડામાં ગેઇટ નંબર-૧માં આવેલી નેબોલો કંપની પાસે સાંજે આઠેક વાગ્યે શાકબકાલાની રિક્ષાને ઇકો કારના ચાલકે ઉલાળી દેતાં ચાલક મુળ બિહારના પ્રૌઢ અને સાથે બેઠેલા તેના પત્નિને ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. જેમાં પત્નિનું મોત થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. વિગતો જોઇએ તો મેટોડા ગેઇટ-૧માં નિલકકમલ પાર્કમાં રહેતાં પ્રમોદભાઇ સત્યનારાયણ ચૌધરી જે પચાસ વર્ષની વયના હતાં તે અને તેના પત્નિ ગંગાદેવી પ્રમોદભાઇ ચૌધરી જે છેતાલીસ વર્ષના હતાં તે બંને રિક્ષામાં બકાલુ ભરી મેટોડામાં વેંચાણ કરી ગુજરાન ચલાવતાં હોઇ સાંજે બંને બકાલુ વેંચીને રિક્ષામાં ઘર તરફ પરત આવી રહ્યા હતાં ત્યારે નેબોલો કંપની પાસે ઇકો કારની ઠોકરે રિક્ષા ચડી જતાં પલ્ટી ખાઇ ગઇ હતી.

વધુ માહિતી અનુસાર આ અકસ્માતમાં પ્રમોદભાઇ અને તેમના પત્નિ ગંગાદેવીને ગંભીર ઇજાઓ થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાં સવારે ગંગાદેવીનું મોત થયું હતું. મૃત્યુ પામનાર ગંગાદેવીને સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. મુળ બિહારનો આ પરિવાર વર્ષોથી મેટોડા રહે છે.મેટોડા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આ બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.





બીજી ઘટના જોઇએ તો બાંટવાથી રાજકોટ રહેતી દિકરીના ઘરે આટો દેવા આવેલા વૃધ્ધ અને તેમના પત્નિ ગોંડલ રોડ ચોકડીથી હુડકો ચોકડી વચ્ચેના રસ્તે રામાધણી હોટલ સામે ચાલીને રસ્તો ઓળંગી રહ્યા હતાં તે વખતે કાળા રંગની સ્કોર્પીયોનો ચાલક વૃધ્ધાને પતિની નજર સામે જ ઉલાળીને ભાગી ગયો હતો. હિટ એન્ડ રનના બનાવમાં આ વૃધ્ધાનું મોત થતાં અરેરાટી વ્યાપી ગઇ છે. બાંટવા રહેતાં ઇન્દુબેનના પતિ છોંતેર વર્ષના પ્રાગજીભાઇ શામજીભાઇ મારૂની ફરિયાદ પરથી અજાણી કાળા રંગની સ્કોર્પીયો કારના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. પ્રાગજીભાઇએ જણાવ્યું હતું કે હું માણાવદરના બાંટવા ગામે સરકારી હોસ્પિટલ પાસે કૃષ્ણપરામાં પરિવાર સાથે રહુ છું અને વાળંદ કામ કરુ છું.

પ્રાગજીભાઇએ કહ્યું હતું કે મારે સંતાનમાં પાંચ દિકરી અને એક દિકરો છે. હું અને મારા પત્નિ ત્રેસઠ વર્ષના ઇન્દુબેન સાંજે પોણા ચારેક વાગ્યે જેતપુરથી રાજકોટ રહેતી મારી દિકરી રેખાબેનના ઘરે આટો દેવા આવ્યા હતાં. એસટી બસમાં બેસી અમે સાંજે સાડા છએક વાગ્યે ગોંડલ રોડ ચોકડીએ ઉતર્યા હતાં. ત્યાંથી રિક્ષામાં બેસી ગોડલ રોડ ચોકડી અને હુડકો ચોકડીની વચ્ચે રામાધણી હોટલ સામે અમે ઉતર્યા હતાં. આ પછી નજીકમાં આવેલા સ્વાતિ પાર્કમાં ખોડલધામ શેરી નં. ૨માં રહેતી દિકરીના ઘર તરફ જવા રવાના થયા હતાં. આ વખતે અમે બંને રસ્તો ઓળંગતા હતાં ત્યારે ગોંડલ ચોકડી તરફથી પુરપાટ ઝડપે કાળા રંગની સ્કોર્પીયો આવી હતી અને મારા પત્નિને પાછળથી ઠોકરે લઇ ચાલક કાર સાથે હુડકો ચોકડી તરફ ભાગી ગયો હતો.

તેમણે વધુમાં કહ્યું કે મારા પત્નિ રોડ પર ફેંકાઇ ગયો હતાં અને તેમને માથા, શરીરે ગંભીર ઇજાઓ પહોંચી હોઇ માણસો ભેગા થઇ ગયા તેમાંથી કોઇએ ૧૦૮ બોલાવતાં મેં તેણીને સિવિલ હોસ્પિટલમાં પહોંચાડેલ. પરંતુ અહિ સારવાર દરમિયાન મારા પત્નિનું મોત થયું હતું. તેમ વધુમાં પ્રાગજીભાઇએ કહેતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇનસ. એ. બી. જાડેજાની રાહબરીમાં હેડકોન્સ. એચ. એમ. ધરજીયા અને સ્ટાફે ગુનો નોંધી અકસ્માત સર્જી ભાગી ગયેલા સ્કોર્પીયો ચાલકને શોધી કાઢવા તપાસ આદરી હતી.




ત્રીજા બનાવ પર નજર કરીએ તો મોરબીના માળીયા મિંયાણાની ભીમસર ચોકડીએ આઇશરની ઠોકરે ચડી જતાં સાયલાના મહિલાનું ઘટના સ્થળે જ મોત થયું છે, જ્યારે સાથે રહેલા સત્તર વર્ષના દિકરાને ગંભીર ઇજા થતાં રાજકોટ સારવાર માટે રાજકોટ ખસોડો હતો. બંને મા-દિકરો સાયલાથી માળીયાના ચિરઇ ગામે દરગાહે દુઆ-સલામ કરવા જતાં હતાં ત્યારે રસ્તો ઓળંગતી વખતે બનાવ બન્યો હતો.સાયલા રહેતાં છત્રીસ વષૃના દિલશનાબેન સલીમભાઇ ભાડુલા ને તેનો દિકરો સત્તર વર્ષનો સિકંદર સલીમભાઇ ભાડુલા સાયલાથી ચિરઇ ગામે દરગાહે દુઆ-સલામ કરવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતાં. દરમિયાન રાતે માળીયા મિંયાણાની ભીમસર ચોકડી પાસેરસ્તો ઓળંગતી વખતે માતા-પુત્ર આઇશરની ઠોકરે ચડી જતાં બંનેને ગંભીર ઇજા થઇ હતી.

જેમાં માતા દિલશનાબેનનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે પુત્ર સિકંદરને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. સિકંદર માતા-પિતાનો એક જ પુત્ર છે. મૃત્યુ પામનાર દિલશનાબેનના પતિ સલીમભાઇ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણે ટેલીફોનીક વાતચીતમાં કહ્યું હતું કે મારા પત્નિ અને પુત્ર ચિરઇ ગામની દરગાહે દુઆ-સલામ કરવા જવા માટે સાયલાથી નીકળ્યા હતાં. હું ડ્રાઇવીંગ કરવા ગયો હતો. રાતે તેને માળીયાની ભીમસર ચોકડી પાસે આઇશરવાળાએ ઉલાળી દીધાની ખબર પડતાં હું માળીયા મિંયાણા પહોંચ્યો હતો ત્યારે પત્નિનું મોત થઇ ગયાની ખબર પડી હતી. માળીયા મિંયાણાના પીએસઆઇ આઇ. પી. જામ અને સ્ટાફે કરતાં બનાવ અકસ્માતનો જ હોવાનું જાહેર થયું હતું. આમ ત્રણ જીવલેણ અકસ્માતમાં ત્રણ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

### અમુક છાપેલા કાટલાઓ એવા છે જે ગમે એટલા ગુના નોંધાય સુધરતા જ નથી

# ઠુઠીએ ભાજપ કાર્યકરના વાહનો ભડકે બાળ્યા

## નવલનગરમાં બનાવઃ અગાઉની અરજીનો ખાર રાખી યશ ઉર્ફ ઠુઠી બકરાણીયાએ પેટ્રોલ છાંટી વાહનો બાળી નાંખ્યાઃ પછી બૂમો પાડી કહ્યું-આ વાહનો મેં જ સળગાવ્યા છે!ઃ માલવીયાનગર પોલીસે ઝડપી લીધો




રાજકોટ, તા. ૨૫

શહેરમાં લુખ્ખા આવારા તત્વો ગમે ત્યારે ગમે તેની સાથે ડખ્ખા કરી કાયદાની ઐસીતૈસી કરી નાખતા હોય છે. અગાઉ અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા પુનીતનગરના છાપેલા કાટલા અને એક સમયે પેંડા ગેંગના સાગ્રીત તરીકે ઓળખાતા યશ ઉર્ફ ઠુઠી નામના શખ્સે નવલનગર શેરી નંબર નવના છેડે આ વિસ્તારના ભાજપ કાર્યકરની કાર અને બે ટુવ્હીલરને પેટ્રોલ છાંટી ભડકે બાળી દેતાં પોલીસે ગુનો દાખલ કરી આ શખ્સને દબોચી લીધો છે. અઠવાડીયા પહેલા અરજી બાબતે માથાકુટ થઇ હોઇ તેનો ખાર રાખી આ કૃત્યુ આચર્યાનું સામે આવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરના ગોંડલ રોડ પર પુનીતનગરમાં રહેતાં અને અગાઉ અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુકેલા તેમજ નામચીનની છાપ ધરાવતાં શખ્સે મધરાતે નવલનગર-૯ના છેડે એક કાર અને બે ટુવ્હીલરને પેટ્રોલ છાંટી સળગાવી દેતાં ચકચાર મચી ગઇ છે. માલવીયાનગર પોલીસે આ શખ્સને સકંજામાં લીધો છે. ગયા શુક્રવારે ગોકુલધામના ગેઇટ નજીક આ શખ્સ પર ગાળો બોલવા મામલે, મજાક કરવા બાબતે નવલનગરના ભરવાડ ભાઇઓ સહિતે હુમલો કરી મારકુટ કરી હતી. જેનો ખાર રાખી તેણે ભરવાડ યુવાનના વાહનો સળગાવી દીધાનું ખુલ્યું હતું. નવલનગર-૯ના છેડે રહેતાં ભરતભાઇ કાળુભાઇ સિંધવની સ્વીફ્ટ કાર અને એક એક્ટીવા તથા એક ઇલેક્ટ્રીક ટુવ્હીલરમાં રાતે પોણા ત્રણથી ત્રણની વચ્ચે ભડકા થતાં ભરતભાઇ તથા આડોશી પાડોશી જાગી ગયા હતાં.

બધાએ ભેગા મળીને આગ ઓલવવા પ્રયાસ કર્યો હતો. ફાયર બ્રિગેડને જાણ થતાં બંબો પહોંચ્યો હતો અને આગ ઓલવી હતી. જો કે એ પહેલા કાર અને બંને ટુવ્હીલર ખાખ થઇ ગયા હતાં. ભરતભાઇના કહેવા મુજબ તેના આ વાહનોમાં પુનીનતનગરના નામચીન શખ્સ યશ ઉર્ફ ઠુઠી બકરાણીયાએ આગ લગાવી દીધી હતી. યશ રાતે પોણા ત્રણે ટુવ્હીલર લઇને આવ્યો હતો અને તેની પાસે રહેલા શીશામાંથી કાર તથા બે ટુવ્હીલર પર પેટ્રોલ છાંટ્યુ હતું. પછી કાર નીચે કોથળા જેવું મુકી આગ લગાડી દીધી હતી. આગમાં ત્રણેય વાહન આખા બળી જતાં મોટી નુકસાની થઇ છે.

ભરતભાઇએ જણાવ્યું હતુ કે ગયા શુક્રવારે રાતે ગોકુલધામના ગેઇટ પાસે મારા ભાઇ જયેશભાઇ અને બાબુભાઇ સાથે યશ ઉર્ફ ઠુઠી બકરાણીયાને મજાક મશ્કરી અને ગાળાગાળી બાબતે ઝઘડો થયો હતો. અ વખતે યશ પોતાની સાથે મારકુટ થયાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં પોલીસે યશની ફરિયાદ પરથી જયેશભાઇ અને બાબુભાઇ સામે ગુનો નોંધ્યો હતો. દરમિયાન પોતાના પર થયેલા હુમલાનો ખાર રાખી ગત મધરાતે યશ ઉર્ફ ઠુઠીએ જયશેભાઇના ભાઇ ભરતભાઇના ત્રણ વાહનોને આગ લગાડી દીધી હતી.

દરમિયાન આ મામલે ભરતભાઇ કાળુભાઇ સિંધવની ફરિયાદ નોંધાઇ હતી. ફરિયાદીના જણાવ્યા અનુસાર, ગત રાત્રે પોણા ત્રણ વાગ્યાની આસપાસ તેમના પાડોશીએ જગાડીને જાણ કરી હતી કે ઘરની બહાર પાર્ક કરેલા વાહનોમાં આગ લાગી છે. બહાર આવીને જોતા મારુતિ સુઝુકી સ્વિટ કાર, હોન્ડા એક્ટિવા અને યો બાઇક ભડભડ સળગી રહ્યા હતા. પરિવારજનોએ પાણી નાખી આગ બુઝાવવાનો -યાસ કર્યો હતો, ત્યારબાદ ફાયર બ્રિગેડે આવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

આગ લાગી ત્યારે વિસ્તારમાં રહેતો યશ ઉર્ફે ઠુઠી રસિકભાઈ બકરાણીયા નામનો શખ્સ પોતાનું એક્ટિવા લઈને ત્યાંથી પસાર થયો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ તે જોરથી બોલતો ગયો હતો કે આ વાહનો મેં જ સળગાવ્યા છે! આ હુમલા પાછળ આઠ દિવસ પહેલા થયેલો ઝઘડો જવાબદાર હોવાનું મનાય છે. વર્ષ ૨૦૨૪માં ફરિયાદી પક્ષ દ્વારા આરોપી વિરુદ્ધ પોલીસમાં અરજી કરવામાં આવી હતી, જેનો ખાર રાખીને આરોપીએ આ કૃત્ય આચર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું. આગથી સ્વિટ કારમાં અંદાજે કિંમત રૂ. ૭,૫૦,૦૦૦, હોન્ડા એક્ટિવામાં અંદાજે કિંમત રૂ. ૫૦,૦૦૦ અને યો ઈ-બાઈકેં અંદાજે કિંમત રૂ. ૩૦,૦૦૦ની નુકસાની થઇ છે. બનાવની જાણ થતાં માલવીયાનગર પોલીસ પણ દોડી ગઇ હતી. પોલીસે આ મામલે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. યશને પોલીસે દબોચી લીધો હતો.

# બે યુવાનના હાર્ટ એટેકથી મોત



રાજકોટ, તા. ૨૫

યુવાન વયે પણ દિલની ધડકનો બંધ પડી જતી હોવાની ઘટનાઓ ખુબ વધી ગઇ છે. આવા વધુ બે બનાવમાં ઓગણીસ વર્ષના યુવાન અને ત્રીસ વર્ષના યુવાનના દિલ તેને દગો દઇ જતાં જિંદગી ખતમ થઇ ગઇ છે.

રાજકોટના સરધારમા મનસુખભાઇની વાડીએ પરિવાર સાથે રહી મજૂરી કરતો મુળ મધ્યપ્રદેશનો ઓગણીસ વર્ષનો રીતેશ ધુન્દરીયાભાઇ વાસ્કેલા રાતે વાડીએ હતો ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. રીતેશ ચાર ભાઇ અને એક બહેનમાં બીજો હતો. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. બીજી આવી ઘટના જોઇએ તો કોટડા સાંગાણીના પાંચ તલાવડી ગામે રહેતાં ત્રીસ વર્ષના પિન્ટુભાઇ હસમુખભાઇ મેટારીયાનું હૃદય બંધ પડી જવાથી મોત થયું હતું. જાણવા મળ્યા મુજબ પિન્ટુભાઇ ઘરે હતો ત્યારે એકાએક છાતીમાં દુઃખાવો શરૂ થયા બાદ ઉલ્ટી થવા માંડી હતી. બાદમાં તે બેભાન થઇ જતાં સરધાર સારવાર માટે ખસેડાયો હતો. ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં સ્વજનોશમાં શોક વ્યાપી ગયો હતો. પિન્ટુભાઇ ત્રણ ભાઇમાં મોટો અને અપરિણીત હતો. તે ખેતી કરી ગુજરાન ચલાવતો હતો. ત્રીજા બનાવમાં મોરબી રોડ ગણેશનગર-૭માં રેહતાં લીલાબેન જીવનભાઇ મકવાણા કે જેમની ઉમર સિત્તેર વર્ષ હતી તેઓ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હૃદય રોગનો હુમલો આવી ગયાનું ખુલ્યું હતું. હેડકોન્સ. યોગેશભાઇ મકવાણાએ જરૂરી કાર્યવાહી કરી હતી. ત્રણેય બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જે તે ડીવીઝનમાં જાણ કરી હતી. આમ બે યુવાન સહિત ત્રણને દિલ દગો દઇ ગયું હતું.

### ગુનેગારો ગમે એટલા શાતીર હોય પોલીસ ધારે તો પકડી જ લે

# ફ્રોડમાં ફરાર શખ્સની ૨૨ વર્ષે ધરપકડ

## બેંકમાંથી લોન લઇ રફુચક્કર થઇ ગયેલઃ વિદેશ પહોંચી ગયાની માહિતી પરથી પોલીસે કાર્યવાહી કરી અને પકડી લઇ જેલની સફરે રવાના કર્યો




રાજકોટ, તા. ૨૫

અમુક ગુનેગારો એવા હોય છે જે ગુનો આચર્યા પછી જે તે શહેર તો ઠીક રાજ્ય અને દેશ છોડીને પણ ભાગી જતાં હોય છે અને પોલીસના હાથમાં આવતાં હોતા નથી. પરંતુ પોલીસ ધારે તો ગમે ત્યારે ગમે ત્યાંથી આવા ગુનેગારોને શોધી લાવતી હોય છે. આવી જ એક કામગીરી સામે આવી છે જેમાં બેંકોમાંથી લોન લઇ કરોડોનું ફુલેકુ ફેરવી વિદેશ ભાગી ગયેલા શખ્સને પોલીસે બાવીસ વર્ષ બાદ ઝડપી લીધો છે. આ શખ્સ ગઠીયાગીરી આચરીને અમેરિકા ભાગી ગયો હતો. મુંબઇ એરપોર્ટ પર આવતાની સાથે જ તેને પોલીસે દબોચીલીધો હતો.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો બેંકોમાંથી મોટી રકમની લોન લઈ વિદેશ ફરાર થવાના કિસ્સા વધી રહ્યા છે. ત્યારે ફેક્ટરી માટે જરૂરી મશીનરી ખરીદવા માટે કરોડો રૂપિયાની લોન લીધા બાદ મશીનરી વેચી વિદેશ ભાગી ગયેલા સંચાલક ભરત શાહ ઝડપાયા છે. બાવીસ વર્ષ બાદ પરત ફરતા લુકઆઉટ નોટિસના આધારે મુંબઈ એરપોર્ટ ઉપર ઝડપાયા હતા, જેને જે.પી. રોડ પોલીસે અત્રે લાવી જેલ ભેગો કર્યો હતો. મનિષા ચાર રસ્તા પાસે આવેલા આનંદ કિરણ એપાર્ટમેન્ટમાં રહેતા ભરત નવનીતભાઈ શાહે વર્ષ ૨૦૦૪માં રાષ્ટ્રીય કૃત બેંકમાંથી લોન લીધી હતી. જેમાં ફેક્ટરી માટે મશીનરી ખરીદવા માટે કરોડો રૂપિયાની લોન લીધી હતી. જે પૈકી કેટલીક રકમ ચૂકવી હતી.

ત્યારબાદ ભરત શાહ બેંકને જાણ કર્યા વગર બારોબાર મશીનરી વેચી અમેરિકાના પેન્સિલવેનિયા ભાગી ગયા હતા. લાંબા સમય સુધી લોન ભરપાઈ ન કરવામાં આવતા બેંક દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી, જેનો કોઈ જવાબ નહીં આપવામાં આવતા બેંક દ્વારા કાર્યવાહીના ભાગરૂપે જે. પી.રોડ પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાવાઈ હતી. તપાસ દરમિયાન ભરત શાહ દ્વારા લોન લેવા ખોટા દસ્તાવેજો રજૂ કરાયા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તેમના નિવાસસ્થાને તપાસ કરી હતી. તે દરમિયાન ફેક્ટરી સંચાલક ભરત શાહ દેશ છોડી ફરાર થઈ ગયા હોવાનું બહાર આવ્યું હતું.

પરિણામે પોલીસે લુકઆઉટ નોટિસ જારી કરી હતી. દરમિયાન તાજેતરમાં લોન ડિફોલ્ટર ભરત શાહ અમેરિકાથી પ્લેન દ્વારા મુંબઈ એરપોર્ટ પર આવ્યા હતા. જેમાં ઈમિગ્રેશન વિભાગે લુકઆઉટ નોટિસના આધારે ધરપકડ કરી હતી. જે.પી રોડ પોલીસે મુંબઈ જઈ કબ્જો મેળવ્યો હતો. અત્રે લાવી કોર્ટમાં રજૂ કરી જેલના હવાલે કરવાની તજવીજ થઇ હતી. મોટી રકમની લોન લઈ વિદેશ ભાગી ગયેલો ભરત શાહ બીજા અનેક ડિફોલ્ટરો સાથે સંકળાયેલો હોવાનું બહાર આવ્યું છે. જે પોતે વિવાદિત એપેક્ષના સંઘવીના જમાઇ થાય છે અને એપેક્ષમાં જે તે સમયે અન્ય વિવાદિત ડાયરેક્ટરોનો સમાવેશ થતો હતો. જે પૈકી કેટલાક અગાઉ પણ બેંક લોન કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. આ મામલાની વધુ તપાસ થાય તો ચોંકાવનારી માહિતી બહાર આવી શકે તેમ હોવાનું જાણકારોમાં ચર્ચાય છે.

વધુ માહિતી અનુસાર જે.પી. રોડ પોલીસ મથકના પોલીસ ઈનસ. એમ.એસ.સગરે જણાવ્યું છે કે, બેંકમાંથી મોટી રકમ લઈ વિદેશ ભાગી ગયેલા ભરત નવનીતલાલ શાહ અમેરિકાથી મુંબઈ પહોંચ્યો હતો. જ્યાં લુકઆઉટ એરપોર્ટ ઉપર ઝડપાયો હતો. તપાસ દરમિયાન લોન લેવા નકલી કાગળો બનાવી તેનો ઉપયોગ કરાયો હોવાનું બહાર આવ્યું હતું, જેના આધારે ગુનો નોંધાયો હતો. આ ગુનામાં બાવીસ વર્ષ બાદ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

### હવસખોર લેભાગુઓ સતત કરી રહ્યા છે સગીરાઓના શિકારઃ ચેતતા રહો

# બાળાને સો.મિડીયાથી ફસાવી દૂષ્કર્મ-બ્લેકમેઇલીંગ

## બીજા બનાવમાં એક બાળા સાથે બે ઢગાની હવસખોરીથી ગર્ભ રહી ગયોઃ બંનેને પકડી લેવાયાઃ ત્રીજી ઘટનામાં યુવતિનું અપહરણ કરી ગોંધી રાખી બળજબરીઃ પોલીસે કરી ધરપકડ

રાજકોટ, તા. ૨૫

સગીરાઓને કોઈપણ રીતે ફ્રેન્ડશીપ અને લવશીપના ચક્કરમાં ફસાવી તેની સાથે દૂષ્કર્મ આચરી લેવાની ઘટનાઓ અટકતી જ નથી. વધુ એક કિસ્સો બહાર આવ્યો છે જેમાં એક શખ્સે સગીરાને ફસાવી દૂષ્કર્મ આચરી લીધુ હતું અને માથે જતાં બ્લેકમેઇલ કરી પૈસા પણ પડાવ્યા હતાં. આ પ્રકારના બનાવ સતત બની રહ્યા છે. પોલીસ કડક કાર્યવાહી પણ કરતી હોય છે. પરંતુ લેભાગુઓ ગમે તેમ કરીને સગીરાઓ, યુવતિઓ, છાત્રાઓને ફસાવી લેવામાં સફળ રહે છે. બીજા કિસ્સામા સગીરાને ફસાવી બે શખ્સે હવસખોરી આચરી લેતાં તેણીને છ મહિનાનો ગર્ભ રહી ગયો હતો. તબિબી તપાસમાં ભાંડો ફુટતાં બંનેને પકડી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતી એક સગીરા સાથે એક યુવકે સોશીયલ મીડિયાથી સંપર્ક કરીને પ્રેમજાળમાં ફસાવીને તેના અંગત ફોટો વાઈરલ કરવાની ધમકી આપીને નાણાં માંગ્યા હતા. ગભરાઇ ગયેલી સગીરાએ ડરીને તેના દાદાના બેન્ક એકાઉન્ટમાંથી યુવકને બેન્ક એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરતા સમગ્ર ભાંડો ફુટ્યો હતો. આ અંગે શાહીબાગ પોલીસે યુવક સામે દુષ્કર્મ અને બ્લેકમેઇલ કરવાની ધમકી આપતી ફરિયાદ નોંધીને કાર્યવાહી કરી હતી. પોલીસ સુત્રોએ આ સમગ્ર બનાવની વિગતો આપતા કહ્યું હતુ કે શાહીબાગમાં આવેલી એક સોસાયટીમાં સત્તર વર્ષની સગીરા તેના દાદાના ઘરે રહે છે.

આ સગીરાનો સંપર્ક બે વર્ષ પહેલા સાહિલ સથવારા સાથે નામના યુવક સાથે સોશિયલ મીડિયા દ્વારા થયો હતો. સાહિલે તેને પ્રેમમાં ફસાવીને શારિરીક સંબધ બાંધ્યા હતા. કોઈ કારણસર સગીરાએ સાહિલ સાથે સંબધ તોડ્યા હતા. જો કે, સાહિલે તેની સાથે લગ્નની ખાતરી આપીને વિશ્વાસ કેળવીને તેની સાથે સંબધ બાંધીને તેના ફોટો પાડ્યા હતા. જે ફોટો વાઈરલ કરવાની ધમકી આપીને સાહિલે સગીરા પાસે નાણાંની માંગણી કરી હતી. જેથી ગભરાઇને તેના દાદાના બેંન્ક એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કર્યા હતાં.



જેથી સગીરાના પિતાને કોઇએ ફ્રોડ કરીને નાણાં ટ્રાન્સફર કર્યાની શંકા જતા ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર ફોન કરતા સાહિલનું બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરાયું હતું. પોલીસે આ અંગે સાહિલનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે સગીરાએ તેને નાણાં ટ્રાન્સફર કર્યા હતા. આમ, સમગ્ર ભાંડો ફુટતા સગીરાના પિતાએ આ અંગે શાહીબાગ પોલીસ મથકે સાહિલ સથવારા નામના યુવક સામે દુષ્કર્મ અને બ્લેકમેઇલ કરવાની ફરિયાદ નોંધાવી હતી. આમ વધુ એક વખત લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો હતો.

બીજા બનાવમાં અંકલેશ્વર તાલુકા પોલીસ મથકની હદમાં આવેલા એક ગામમાં સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. વિગતો અનુસાર ગામમાં રહેતા સાગર વસાવા અને સુમિત વસાવા નામના યુવાનોએ સગીરાને લગ્નની લાલચ આપીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.આ કૃત્યના પરિણામે સગીરાને છ માસનો ગર્ભ પણ રહી ગયો હતો. સગીરાના પરિવારજનોને આ અંગેની જાણ થતાં તેઓએ અંકલેશ્વર ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી સાગર વસાવા અને સુમિત વસાવાને ઝડપી પાડ્યા હતો.

ત્રીજી ઘટનામાં રાજકોટના જસદણમાં એક શખસે યુવતીનું અપહરણ કરીને બાર દિવસ સુધી દુષ્કર્મ આચર્યું હોવાની જસદણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. દુષ્કર્મની ઘટનાને લઈને પોલીસ આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી. આ મામલે પોલીસે જસદણના વાડી વિસ્તારમાંથી પિસ્તાલીસ વર્ષીય આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જસદણના શિવરાજપુર ગામનો રહેવાસી મોહન પુનાભાઈ પરમાર એક દોરાના કારખાનામાં મજૂરો લઈ જવાનું કામ કરતો હતો. આ દરમિયાન તે એક યુવતીના સંપર્કમાં આવ્યો હતો. એક દિવસે મોહને કારખાનાની તમામ છોકરીઓ ફરવા ગઈ છે અને તેઓ ચોટીલામાં છે તેમ કહીને પીડિત યુવતીને પોતાની કારમાં બેસાડીને અમદાવાદ લઈ ગયો હતો. ત્યારબાદ સમગ્ર મામલે યુવતીના પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે આરોપી મોહન દ્વારા તેમની યુવતીનું અપહરણ કરીને બાર દિવસ સુધી કોઈ જગ્યાએ ગોંધી રાખીને દુષ્કર્મ આચર્યુ હતું. પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### કામ તો એવું કરીએ કે શેઠ કોઇ દિવસ ભુલે નહિઃ સામા કાંઠાની ચોરીનો ગુનો ઉકેલાયો

# શેઠની ૧૭ લાખની ચાંદી ચોરી ખેતરમાં દાટી'તી!

## હવે પોલીસ ટાઢી પડી ગઇ છે એમ સમજી કાઢીને વેંચવા નીકળતાં ભગવતીપરા પૂલ પાસેથી એલસીબી ઝોન-૧ ટીમે દબોચી લીધોઃ દેણામાં આવી જતાં હાથફેરો કર્યાનું રટણઃ જો કે અગાઉ પણ કરી ચુક્યો હતો કરોડના સોનાની ચોરી

રાજકોટ, તા. ૨૫

એવા ઘણા કારીગરના દિકરા કે કારીગર હોય છે જે કામ એવુ કરે કે શેઠ તેને વર્ષો સુધી યાદ રાખે! રાજકોટ શહેરમાં આવી જ એક ઘટના બની હતી. જેમાં સામા કાંઠે ચાંદીના કારખાનામાં કામ કરતો કારીગર સાડીસત્તર લાખની ચાંદી ઉસેડીને ભાગી ગયો હતો. એલસીબી ઝોન-૧ ટીમે આ શખ્સને ઝડપી લઇ ચોરલી ચાંદી કબ્જે કરી છે. ચોરી કર્યા બાદ આ શખ્સે ચોટીલા પાસેના ગામમાં આવેલી પોતાની વાડીમાં ખાડો કરી આ ચાંદી દાટી દીધી હતી. હવે વેંચવા માટે નીકળતાં જ ઝપાટમાં આવી ગયો હતો. પોલીસ સમક્ષ રટણ કર્યુ હતું કે દેણામાં આવી જતાં અને પૈસાની ખેંચ હોઇ ચોરી કરી હતી! જો કે અગાઉ પણ તે એક કિલો જેટલા સોનાની ચોરીમાં ઝડપાઇ ગયો હોઇ આ તેની આદત હોવાની પોલીસને શંકા છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના મોરબી રોડ પર સેટેલાઇટ ચોકમાં બાલાજી પેલેસની બાજુમાં આવેલી શાંતિકુંજ સોસાયટીમાં ત્રણ માળના મકાન નં. ૨૩માં રહેતાં અને રહેણાંક સાથે જ ચાંદીકામનું કારખાનુ ચલાવતાં વેપારીના કારખાનામાંથી આઠ દિવસ પહેલા રૂા. સત્તર લાખ સાંઇઠ હજારની ચાંદી ચોરાઇ ગઇ હતી. આ ચાંદી કારખાનામાં બે મહિના પહેલા જ કામે રહેલો ચોટીલા પંથકનો મુળ વતની અને હાલ મોરબી રોડ વેલનાથપરા-૯માં રહેતો વ્જિય નટુભાઇ નાગાણી ચોરી ગયાની શંકા સાથે બી-ડિવીઝનમાં ફરિયાદ નોંધાવાઇ હતી. દરમિયાન એલસીબી ઝોન-૧ ટીમે આ ગુનાનો ભેદ ઉકેલી નાંખી વિજયને રૂા. ૧૫,૪૭,૦૦૦ની ૧૫.૦૭૯ કિલોગ્રામ ચાંદી સાથે ઝડપી લીધો છે. દેણામાં આવી જતાં તેણે ચાંદી અને ચાંદીનાના દાગીના ચોરી ચોટીલા પાસે પોતાની વાડીમાં દાટી દીધા હતાં.

તેમાંથી અમુક ચાંદી વેંચવા રાજકોટ આવતો હતો ત્યારે જ દબોચી લેવાયો હતો. બનાવ અંગે કારખાના માલિક રાહુલભાઇ ઘોંડીરામ સાવંતની ફરિયાદ પરથી બી-ડિવીઝન પોલીસે ગુનો નોંધ્યો હતો. તે ત્રણ માળનું મકાન શાંતિકુંજમાં ધરાવે છે. જેમાં એક માળે પોતે રહે છે, એક માળે મકાન ભાડે આપ્યું છે અને ત્રીજા માળે ચાંદી કામનું કારખાનુ ચલાવે છે. તેના કારખાનામાં બે મહિના પહેલા જ વેલનાથપરામાં રહેતો મુળ ચોટીલાનો વિજય નાગાણી ચાંદી કામ કરવા કામે રહ્યો હતો.

આ દરમિયાન ગત સોળમી ડીસેમ્બરના રોજ વિજય કારખાનાના દાદરા ઉતરીને નીચે જતો હતો ત્યારે કારખાનેદાર અને તેના પત્નિ ઉપર જતાં હોઇ તેણે વિજયને ક્યાં જાય છે પુછતાં દસ મિનીટમાં આવે છે તેમ કહીને નીચે




ઉતર્યો હતો. જો કે બાદમાં ખબર પડી હતી કે કારખાનામાંથી રૂા. ૧૭,૬૦,૦૦૦નું ચાંદી, ચાંદીના બાળકોના કડા સહિત ગાયબ હતાં. વિજય પણ જોવા મળ્યો નહોતો. ફોન પણ બંધ આવતો હતો અને તેના વેલનાથપરાના ઘરે પણ તે મળ્યો નહોતો. આથી ચાંદી તે ચોરી ગયાની શંકા સાથે ફરિયાદ દાખલ કરાવાઇ હતી. આ ગુનો પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ઝોન-૧ હેતલ પટેલની સુચના અંતર્ગત એલસીબી ઝોન-૧ પીએસઆઇ એમ. કે. મોવલીયા અને ટીમે ઉકેલ્યો છે.

એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હરેશભાઇ પરમાર અને હેડકોન્સ. જગદીશસિંહ પરમારને બાતમી મળી હતી કે વિજય ચોટીલા તરફથી રાજકોટમાં શંકાસ્પદ ચાંદી વેંચવા માટે આવી રહ્યો છે. આ બાતમી પરથી વોચ રાખી તેને ભગવતીપરા રેલ્વેના પુલ પાસે નદી કાંઠેથી પકડી લેવાયો હતો. તેની પાસથી ચાંદી, ચાંદીના દાગીના મળતાં આકરી પુછતાછ થતાં તેણે જ શેઠ રાહુલભાઇના કારખાનામાંથી આ ચાંદી ચોર્યાનું કબુલતાં તેની ધરપકડ કરી હતી. વિજય પાસેથી અલગ અલગ વજનના ચાંદીના ચોરસા, ચાંદીનો ગુચ્છો, ચાંદીની કડલીઓ, કડલીઓ બનાવવાનો તાર સહિત કુલ રૂા. ૧૫,૪૭,૫૦૦નું ચાંદી જપ્ત કરાયું છે. આ ઉપરાંત એક બાઇક નં. જીજે૦૩એનએમ-૧૪૪૨ પણ કબ્જે કરાયું છે. ડીસીપી ઝોન-૧ હેતલ પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું કે વિજય આ કારખાનામાં બે મહિના પહેલા જ કામે રહ્યો હતો, દેણામાં હોય કે બીજા કારણોસર લાલચમાં આવી ગયો હતો.

ચોરીના દિવસે તેણે કારખાનામાંથી ચાંદી-દાગીના ભેગા કરી પોટલુ વાળી લીધુ હતું અને તક મળતાં જ આ પોટલુ ત્રીજા માળના પાછલા દરવાજેથી નીચે સાર્વજનીક પ્લોટમાં ફેંકી દીધુ હતું. ત્યારબાદ તે નીચે ઉતરતો હતો ત્યારે જ તેના શેઠ અને શેઠના પત્નિ વારાફરતી સામે મળતાં પોતે દસ મિનીટમાં આવે છે તેમ કહીને નીકળી ગયો હતો. એ પછી ચાંદીનું પોટલુ લઇ બાઇક હંકારી આ ચાંદી ચોટીલા પાસેની પોતાની વાડીએ ગયો હતો અને ત્યાં ખાડો કરી ચાંદી દાટી દીધુ હતું. આ ચાંદી વેંચવા માટે તે રાજકોટ તરફ આવી રહ્યાની બાતમી મળતાં તેને પકડી લેવાયો હતો.

આ શખ્સ અગાઉ ૨૦૨૧માં માલવીયાનગર પોલીસમાં પણ એકાદ કીલો સોનાની ચોરીમાં પકડાઇ ચુક્યો હતો. તેમજ ૨૦૨૪માં બી-ડિવીઝનમાં પણ એક ગુનો તેના વિરૂધ્ધ દાખલ થયો હતો. આ કામગીરી પીએસઆઇ એમ. કે. મોવલીયા, એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હરેશભાઇ પરમાર, હેડકોન્સ. હિતેષભાઇ પરમાર, જગદીશસિંહ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા, કોન્સ. રવીરાજભાઇ પટગીર, ઝોન-૧ નાસતા ફરતા સ્કવોડના જયપાલસિંહ ઝાલા, જુગલભાઇ કથીરીયા, નિખીલભાઇ પીરોજીયા અને નિલેષભાઇ જમોડે કરી હતી. આગળની તપાસ માટે બી-ડિવીઝન પોલીસ રીમાન્ડ મેળવવા તજવીજ કરશે. કારીગરની કારીગીરીની આ ઘટનાએ શહેરમાં ચર્ચા જગાવી છે.

### પોલીસે દેશીના દારૂના ધંધાર્થીઓ પર પછાડ્યો ધોકો

# બુંગીયા સાથે ૨૯, પીધેલા ૮ ઝબ્બે

રાજકોટ, તા. ૨૫

આગામી એકત્રીસમી ડિસેમ્બરને પગલે દારૂબંધીનો કડક અમલ કરાવવા રાજ્યના પોલીસ વડાએ તમામ શહેરોના પોલીસવડાની બેઠકમાં કડક સુચના આપતા જ દારૂના ધંધાર્થીઓ પર ધોંસ ચાલુ થઇ ગઇ છે. તે અંતર્ગત રાજકોટ શહેરના અલગ-અલગ વિસ્તારમાં પીસીબીની ટીમ અને પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા દેશી દારૂ અંગે ડ્રાઇવ યોજવામાં આવી હતી. પીસીબીની ટીમે જુદા જુદા વિસ્તારમાં દરોડા પાડી દેશી દારૂ સાથે ૨૯ શખ્સોને પકડી લીધા હતા તેમજ નશો કરી નીકળેલા ૮ ને પકડી લીધા હતા.

ડ્રાઇવમાં કોણ કોણ ઝપટે ચડી ગયું તેની વિગતો જોઇએ તો રૂડા ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં મમરાના કારખાનાની પાછળ થી રૂા. ૩૦૦૦ના દેશી દારૂ સાથે હિતેષ ઉર્ફે હીતો હિંમતભાઇ માતરાણીયા (રહે. વૃંદાવન સોસાયટી પાસે આવાસના કવાર્ટરમાં) રૈયાધાર મફતીયાપરામાંથી રૂા. ૨૦૦૦ના દેશી દારૂ સાથે જયા રાયધનભાઇ સાડમીયા, રૂા. ૨ હજારનો દેશી દારૂ સાથે હરેશ વશરામભાઇ સાડમીયાને તથા રૂા. ૨ હજારના દેશી દારૂ સાથે વિનોદ તળશીભાઇ ઝાલા, ૧૫૦ ફુટ રીંગ રોડ કે.કે.વી. હોલ પાસે મકાનમાંથી રૂા.૧૦ હજારના દેશી દારૂ સાથે રાજુ ગોવિંદભાઇ મકવાણા, નાના મૌવા આંબેડકરનગર પાસેથી રૂા. ૨ હજારના દેશી દારૂ સાથે અજય દિનેશભાઇ પરમારને પકડી લેવાયો હતો.

તેમજ મોટા મોવા જય ભીમનગર પાસે ઝુંપડા પાસેથી રૂા. ૨૦૦૦ના દેશી દારૂ સાથે અજીત સુરાભાઇ વાઘેલા, ખોખડદળ નદીના પુલની પાસે શ્રી હરી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાંથી રૂા. ૧૦ હજારના દેશી દારૂ સાથે વનરાજ સવસીભાઇ કોલાદરા (રહે. વેલનાથ પરા શેરી નં. ૧) ને તથા કાલાવડ રોડ ભીમનગર પાછળ ઝુંપડા પાસેથી રૂા. ૨ હજારના દેશી દારૂ સાથે વિજય હંસરાજભાઇ રાઠોડ (રહે. કાલાવાડ રોડ વામ્બે આવાસ યોજના કવાર્ટરમાં) ને ૮૦ ફુટ રોડ, પર નદીના કાંઠા પાસેથી રૂા. ૩૦ હજારના દેશી દારૂ સાથે વિશાલ રાયદાનભાઇ સીંધવ (રહે. યુવરાજનગર શેરી નં. ૧ ગ્રીનલેન્ડ ચોકડી) ને, અટીકા ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં રૂા. ૨૦૦૦ નો દેશી દારૂ સાથે ધાખી દાનાભાઇ હાદાણી (રહે. અટીકા ઇન્ડસ્ટ્રીઝ એરીયા) ને, તથા માંડાડુંગર ખાણ- પાસેથી રૂા. ૪૪૦૦ નો દેશી દારૂ તથા રૂા. ૨૫,૩૫૦ની રોકડ સાથે રવિ દિનેશભાઇ બાદુકીયાને પકડી લઇ પોલીસે કુલ રૂા. ૭૨,૪૦૦ ની કિંમતના દેશી દારૂ સાથે ૧૨ શખ્સોને પકડી લીધા હતાં.

આ તમામ કામગીરી ઇન્ચાર્જ પી. આઇ. એમ. આર. ગોંડલીયા તથા એમ. જે. હુણના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી. બી. ત્રાજીયા, એ. એસ. આઇ. સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડ કો. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, કો. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

બીજી તરફ શહેરના પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા દેશી દારૂ અંગેની ડ્રાઇવ યોજી અલગ અલગ વિસ્તારમાં દરોડા પડી ૧૭ શખ્સોને દેશી દારૂ સાથે પકડી લીધા હતાં. જયારે પેટ્રોલીંગ અને ચેકીંગ દરમ્યાન નશો કરી નીકળનારા ૮ શખ્સોને પકડી લઇ નશો ઉતારી નખાયો હતો.

# મામા-ફઇના પ્રેમમાં પડ્યા, પછી વખડા ઘોળ્યા

## ખેતરોમાંથી શરૂ થયેલી પ્રેમકહાની હોસ્પિટલના ખાટલા સુધી પહોંચી! : બંનેના લગ્ન થઇ શકે તેમ ન હોઇ ભાગી નીકળ્યાઃ પરિવાર પકડીને અલગ કરી દેશે તેમ લાગતાં ઝેર પી ગયાઃ રાજકોટ હોસ્પિટલમાં બંને સારવાર હેઠળ

રાજકોટ, તા. ૨૫

પ્રેમ ગમે ત્યારે ગમે તેની સાથે થઇ જતો હોય છે. પરંતુ અમુક પ્રેમકહાની એવી હોય છે જે પહેલેથી જ આડીઅવળી હોય છે. ઘણીવાર પ્રેમમાં પ્રેમીઓ અંધ બની જતાં હોય છે. ક્યારેક તો પ્રેમના નામે સંબંધો લજવાતા હોય છે. આવી જ એક કહાની સામે આવી છે જેમાં મામા-ફઇના ભાઇ બહેન એક બીજાના પ્રેમમાં પડી ગયા હતાં. બંનેને પ્રેમલગ્ન કરવા હતાં. પરંતુ આ બંનેના કુટુંબમાં મામા-ફઇના ભાઇ બહેન પરણી ન શકે તેવો નિયમ હોઇ પરિવારજનો આ પ્રેમકહાનીના વિરોધી બની ગયા હતાં. આ કારણે આ બંને ભાગી નીકળ્યા હતાં અને બાદમાં પરિવારજનો શોધી લઇ ફરીથી અલગ પાડી દેશે તેવો ભય લાગતાં બંનેએ સજોડે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરી લેતાં હોસ્પિટલના ખાટલે પહોંચવાની વેળા આવી હતી. ખેતરેથી શરૂ થયેલી આ પ્રેમકહાની દવાખાના સુધી પહોંચી હતી.







વિગતો પર નજર કરીએ તો બોટાદના તુરખા ગામે રહેતાં યુવાન અને બાજુના દેવળીયા ગામે રહેતી યુવતિ બંને મામા-ફઇના ભાઇ-બહેન થતાં હોઇ બંને વચ્ચે દોઢેક વર્ષથી પ્રેમસંબંધ હોઇ અને લગ્ન કરવા ઇચ્છતા હોઇ પરંતુ પરિવારજનોએ બંને ભાઇ-બહેન થતાં હોવાથી લગ્ન સામે વાંધો ઉપડતાં ત્રણ દિવસ પહેલા બંને ભાગી નીકળ્યા બાદ ગત રાતે જસદણ નજીક વિંછીયા રોડ પર સજોડે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવતાં પોલીસે બંનેના નિવેદનો નોંધવા તજવીજ કરી હતી. વધુ માહિતી અનુસાર જા બોટાદના તુરખા ગામે રહેતો અને નજીકના દેવળીયા ગામે વાડી વાવતો મુળ એમપીનો મનિષ ધનજીભાઇ ભુરીયા કે જેની ઉમર પચ્ચીસ વર્ષની છે તે હાલ દેવળીયા ગામે રહેતી ફઇની દિકરી રીન્કુ રાહુલભાઇ વસુનીયા કે જે ત્રેવીસ વર્ષની છે તેને ત્રણ દિવસ પહેલા ભગાડી ગયો હતો. આ બંનેને પરિવારજનો શોધી રહ્યા હતાં. દરમિયાન આ બંને જસદણ નજીક હોટલ પાસે હોવાની માહિતી મળતાં પરિવારજનો તેને પગેરૂ દબાવતાં ત્યાં જઇ રહ્યા હતાં.

આની જાણ બંનેને થઇ જતાં પકડાઇ જશે તો પરત અલગ કરી દેવાશે તેમ લાગતાં બંનેએ સજોડે ઝેરી દવા પી લીધી હતી. બંનેને અન્ય હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના અમૃતભાઇ મકવાણા, ચિત્રકેતુસિંહ ઝાલા, ધર્મેન્દ્રભાઇ, રવિભાઇ સહિતે જસદણ પોલીસને જાણ કરી હતી. મનિષ બે ભાઇ અને બે બહેનમાં બીજો અને અપરિણીત છે. રીન્કુ બે ભાઇ અને ચાર બહેનમાં નાની છે. પરિવારજનોના કહેવા મુજબ બંને વચ્ચે દોઢેક વર્ષથી પ્રેમસંબંધ હતો. પણ મામા-ફઇના ભાઇ-બહેન થતાં હોઇ લગ્નનો વાંધો ઉઠાવતાં ભાગી નીકળ્યા બાદ આ પગલુ ભર્યુ હતું. હાલ તો આ બંને મામા-ફઇના ભાઇ બહેનની કહાની જે ખેતરોમાંથી શરૂ થઇ હતી તે બંનેએ ઝેર પી લેવાને કારણે હોસ્પિટલના ખાટલા સુધી પહોંચી છે. આગામી દોઢ મહિના પછી પ્રેમના પર્વ વેલેન્ટાઇન અઠવાડીયાની પ્રેમીઓ ઉજવણી કરવા અત્યારથી તૈયારી કરી રહ્યા છે. આ પર્વ આવતા સુધીમાં આવી અનેક કહાનીઓ પણ સામે આવતી રહેશે. પરંતુ પ્રેમમાં નાસીપાસ થઇ આપઘાત કરનારા કે મરી જવાનો પ્રયાસ કરનારાઓની પ્રેમકહાની કદી સફળ થતી નથી તે પણ હકિકત છે.

અપમૃત્યુની એક ઘટનામાં ટંકારાના લજાઇ ગામે રહેતાં હરજીવનભાઇ પુંજાભાઇ મકવાણા નામના બેતાલીસ વર્ષના યુવાનનું અગાઉ આંતરડાનું ઓપરેશન કરાવેલુ હોઇ ગકાઇલે તબિયત બગડતાં અને બ્લીડીંગ થવા માંડતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ટંકારા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર હરજીવનભાઇ બે ભાઇ અને એક બહેનમા મોટા હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. પોતે છુટક મજૂરી કરતાં હતાં. તેને કેન્સર હોઇ આંતરડાનું ઓપરેશન કરાવ્યું હતું. તેમાંથી બ્લીડીંગ થયા બાદ તબીયત બગડી હોવાનુ સગાએ કહ્યું હતું. ટંકારા પોલીસ મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

### ગઠીયાગીરી ગમે તે માધ્યમથી ગમે તે રીતે થઇ શકેઃ એક નવો જ કિસ્સો

# ભેંસના સોદામાં બાપ-બેટાએ ૨૦ાા લાખ કર્યા ચાઉ

## બે માલધારી પાસેથી અઢાર ભેંસો ખરીદી પૈસા પછી આપી દઈશું એવુ કહ્યું હતુંઃ પરંતુ પછી કંઇ આપ્યું જ નહિઃ પોલીસે દાખલ કરી એફઆઈઆરઃ બીજા બનાવમાં શેઠના ફોનમાંથી નાણા ટ્રાન્જેક્શન કરી લેનારને પોલીસ એમપીથી પકડી લાવી

રાજકોટ, તા. ૨૫

ગઠીયાગીરી રોજેરોજ થતી રહી છે. એક કિસ્સામાં પિતા-પુત્રએ સાથે મળી ઠગાઇ કરી છે. ભેંસના સોદાની આડમાં આ છેતરપીંડી થઇ હતી. આ બંનેએ માલધારી પાસેથી બે ભેંસ ખરીદ કરી હતી અને તેના રૂપિયા વીસ લાખ છપ્પન હજાર ચુકવવાનું નક્કી થયું હતુ. પરંતુ ભેંસ લઇ ગયા બાદ માલધારીને ફદીયુંય ન દેતાં વાત પોલીસ સુધી પહોંચાડવામાં આવતાં બંને સામે ગુનો દાખલ કરાયો હતો. બીજી એક ઘટનામાં નોકરે માલિકના ફોનમાંથી ઓનલાઇન ટ્રાન્જેકશન કરી અડસઠ હજાર ઉપાડી લીધા હતાં. એક મહિના બાદ પોલીસે તેને છેક એમપીથી શોધી કાઢ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો ભાવનગરના ગઢડા તાબેના હોળાયા ગામે પિતા-પુત્રએ બે માલધારી પાસેથી ભેંસ ખરીદી હતી અને રૂપિયાની માંગણી કરતા વાયદાઓ કરી રૂપિયા નહીં આપી પિતા-પુત્રએ રૂ.૨૦.૫૬ લાખની છેતરપિંડી આચરી હતી. ગઢડા તાલુકાના હોળાયા ગામે આવેલ ખોડીયાર નગરમાં રહેતા અને ભેંસની લે-વેચ કરી ગુજરાન ચલાવતા જીગ્નેશભાઈ જીલુભાઈ વાઘેલાના ઘરે પચીસ દિવસ પહેલા રજાક હાજીભાઈ સૈયદ તથા તેમનો દિકરો ગઢડાનો આદીલ રજાકભાઇ સૈયદ ભેસો જોવા માટે આવ્યા હતા અને જીગ્નેશભાઈ પાસેથી કુલ નવ ભેંસ રૂપિયા બાર લાખ દસ હજારમાં ખરીદી હતી. તેમજ ગઢડાના શાંતીભાઈ કેશુભાઇ વાઘેલા પાસેથી બીજી નવ ભેંસ રૂપિયા આઠ લાખ છેતાલીસ હજારમાં ખરીદી હતી.

આ રીતે માલધારી જીગ્નેશભાઈ અને શાંતિભાઈ પાસેથી કુલ ૧૮ ભેંસનો સોદો ૨૦,૫૬,૦૦૦માં કરી ભેંસો




મેળવી લીધી હતી અને ઘરે તથા વાડીએ આવી પીકઅપ ગાડીમાં ભેંસ ભરી ગયા હતાં. જો કે આ ભેંસો લઇ જતી વખતે રૂપિયા લેવાના બાકી રાખ્યા હતા. બાપ-બેટા બંનેએ પૈસા થોડા દિવસમાં આપી દેવાની ખાત્રી દીધી હતી. પરંતુ સમય જતાં બંને પાસે રૂપિયાની ઉઘરાણી કરી ત્યારે વાયદાઓ કરવા લાગ્યા હતા. દરમિયાનમાં જીગ્નેશભાઈ પિતા-પુત્ર ના ઘરે તપાસ કરવા ગયા ત્યારે સામાન લઈને બન્ને ગુમ થઈ ગયા હતા અને ફોન પણ બંધ કરી દીધો હતો. આમ, શાંતિભાઈ અને જીગ્નેશભાઈ સાથે રૂ.૨૦.૫૬ લાખની છેતરપિંડી આચરી હતી. આ બનાવ સંદર્ભે જીગ્નેશભાઈએ પિતા-પુત્ર વિરૂધ્ધ ગઢડા પોલીસ માથામાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



ઠગાઇના બીજા કિસ્સા પર નજર કરીએ તો બાવળા પોલીસે માલિકના મોબાઈલમાંથી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા ૬૮,૦૦૦ સેરવી લેનાર નોકરને દોઢ મહિના બાદ ઝડપી પાડ્યો છે. આરોપીને મધ્યપ્રદેશના ઈન્દોર ખાતેથી પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ ફરિયાદીના મોબાઈલ ફોનમાં રહેલી ઓનલાઈન પેમેન્ટ એપ્લિકેશનનો પિન જાણી લીધો હતો. ત્યારબાદ તેણે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા અડસઠ હજાર પોતાના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. ફરિયાદીની જાણ બહાર તેમના એન્ડ્રોઈડ મોબાઈલ ફોનમાંથી પાસવર્ડ મેળવી આ છેતરપિંડી કરવામાં આવી હતી.

ગુનો આચર્યા બાદ આરોપી પોલીસની ધરપકડથી બચવા માટે સતત નાસતો ફરતો હતો. જો કે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી મધ્યપ્રદેશમાં છુપાયો છે. આ બાતમીના આધારે બાવળા પોલીસે ઈન્દોર ખાતે દરોડો પાડી આરોપી રાહુલ ઉર્ફે દાદુ મોગાજી કીર કે જે મુળ રાજસ્થાનનો છે તેને ઝડપી પાડ્યો હતા. આ શખ્સની વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

## નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં સ્ટેન્ડિંગ કમિટીએ સુચવેલી ₹ ૫૫.૨૦ કરોડની ૨૦ યોજનામાંથી અનેક યોજનાઓની હજી ઈંટ પણ મુકાઈ નથી

# મિસ્ટર ઈન્ડિયા જેવી મનપાની ૪૧.૬૫ કરોડની યોજનાઓ

### સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરે બજેટના વિકાસ કાર્યોની રિવ્યૂ બેઠક યોજવાનું પણ બંધ કરી દીધું

### સ્કાય વોક હજી પણ આકાશમાં ! : ઓક્સિજન પાર્ક પણ ઓક્સિજન વગરનો રહ્યો




**કેન્સરને કરીએ કેન્સલ રાજ્ય સરકારની મંજૂરી ન મળતા કેન્સલ!**

સ્ટેન્ડિંગ કમિટીએ મહાનગરપાલિકા સંચાલિત શાળાઓની વિદ્યાર્થિનીઓને સર્વાઇકલ કેન્સર સામે રક્ષણ આપવા શાળા આરોગ્ય ચકાસણી કેમ્પ ની સાથોસાથ વિદ્યાર્થિનીઓને સર્વાઇકલ કેન્સર માટે વિનામૂલ્યે વેક્સિન આપવા માટે બજેટમાં ₹ ૧૫ લાખની જોગવાઈ કરી હતી. આવી જ રીતે કોઠારીયા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે ₹ ૧૫ લાખનાં ખર્ચે મેમોગ્રાફી મશીન મુકવાની પણ જાહેરાત કરી હતી આમાં રાજ્ય સરકારનું માર્ગદર્શન મંગાયુ હતું પણ હજી સુધી સરકારે માર્ગદર્શન આપ્યું નથી. જ્યારે મહિલાઓને બ્રેસ્ટ કેન્સર જેવા રોગનું નિદાન અને સારવાર માટે પણ તંત્ર આગળ વધ્યું નથી.

**કંઈ કંઈ યોજનાઓ બની મિસ્ટર ઈન્ડિયા?**

| ક્રમ | યોજનાઓ | ફાળવેલ રકમ |
|---|---|---|
| ૧) | સ્કાય વોક ફૂટ ઓવરબ્રિજ : | ₹ ૧૦ કરોડ |
| ૨) | નવાં એન્ટ્રી ગેટ: | ₹ ૫ કરોડ |
| ૩) | ઓક્સિજન પાર્ક: | ₹ ૪ કરોડ |
| ૪) | ત્રણેય ઝોનમાં શાક માર્કેટ: | ₹ ૩ કરોડ |
| ૫) | રામનાથ મહાદેવ બ્યુટિફિકેશન: | ₹ ૨.૫૦ કરોડ |
| ૬) | પશુ દવાખાનું: | ₹ ૧ કરોડ |
| ૭) | રેસ કોર્સ રિંગ રોડ પર ડેકોરેટિવ ક્ડીઉ: | ₹ ૧૦ લાખ |
| ૮) | બે શાક માર્કેટ નું નવીનીકરણ: | ₹ ૬.૫૦ કરોડ |
| ૯) | ૮૦ ફૂટ રોડ ડેવલપમેન્ટ: | ₹ ૧ કરોડ |
| ૧૦) | હેરિટેજ ૧૦૦ વર્ષ જુના રોડનું બ્યુટિફિકેશન: | ₹ ૨ કરોડ |
| ૧૧) | કેન્સર વેક્સિન અને મેમોગ્રાફી મશીન: | ₹ 30 લાખ |

રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાંકિય અંદાજપત્રમાં સ્ટેન્ડિંગ કમિટીએ સુચવેલી ₹ ૫૫.૨૦ કરોડની ૨૦ યોજનાઓ વાસ્તવમાં '' મિસ્ટર ઈન્ડિયા'' જેમ માત્ર અધિકારીઓને જ દેખાય છે. રાજકોટના પ્રજાજનોને નહીં! . સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરે સુચવેલી ₹ ૫૫.૨૦ કરોડની આ યોજનામાંથી ₹ ૪૧ કરોડ ૬૫ લાખની દસથી વધુ યોજનાઓની હજી સુધી ઈંટ પણ મુકવામાં આવી નથી. આમ તો બજેટ મંજૂર થયા બાદ સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકર સમયાંતરે અધિકારીઓ સાથે રિવ્યૂ બેઠક યોજી સ્ટેન્ડિંગ કમિટીએ સુચવેલી યોજનાઓ ક્યાં તબક્કે છે તેનું સ્ટેટ્સ જાણતા હતા. આવી રિવ્યૂ બેઠક પણ તેઓએ જૂલાઇ મહિના બાદ યોજવાનું બંધ કરી દીધું છે. ડિસેમ્બર માસ પુરો થવા આવ્યો છે અને કમિશનર તુષાર સુમેરાએ નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્ર માટે અધિકારીઓ પાસે હોમવર્ક પણ શરૂ કરાવી દીધું છે ત્યારે બીજી બાજુ સ્ટેન્ડિંગ કમિટીએ સુચવેલી અનેક યોજનાઓ શરૂ પણ થઈ શકી નથી.

ટીઆરપી અગ્નિ કાંડ પછી બદનામીની ખીણમાં ખાબકેલી મહાનગરપાલિકાની છાપ ભ્રષ્ટાચારની ગંગોત્રીના એપી સેન્ટર જેવી ઉભી થઇ છે. અહીં કોઈ નિષ્ઠાવાન અધિકારી કામ કરવા રાજી નથી. ટીઆરપી કાંડ બાદ આનંદ પટેલ અને દેવાગ દેસાઈ જેવા કમિશનરોની બદલી બાદ આવેલા તુષાર સુમેરાએ ટુંકા ગાળામાં બજેટ તૈયાર કર્યું હોવાથી સ્માર્ટ સિટી વિસ્તારમાં વર્કિંગ વુમન્સ હોસ્ટેલ સિવાય ખાસ કોઈ ધ્યાનાકર્ષક મોટી યોજનાઓ રજૂ કરી નહોતી. તેઓએ ₹ ૧૫૦ના કરવોજ સાથે ₹ ૩૧૧૨.૨૮ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મુક્યું હતું.

સ્ટેન્ડિંગ કમિટીએ બજેટમાં ₹ ૧૫૦ કરોડનો સુચિત વેરો ફગાવી દઈ ₹ ૫૫.૯૨ કરોડની ૨૦ યોજનાઓ સાથે ₹ ૩૧૧૮.૭ કરોડનું બજેટ મંજૂર કર્યું હતું. પણ સ્ટેન્ડિંગ કમિટીએ સુચવેલી યોજનાઓ '' મિસ્ટર ઈન્ડિયા'' જેવી સાબિત થઈ હોય તેમ પ્રજાને એ દેખાતી નથી. ! સ્ટેન્ડિંગ કમિટીએ સુચવેલી યોજનાઓમાં જ્યાં વધુ ટ્રાફિકની અવરજવર રહે છે અને અવારનવાર અકસ્માતોનો ભય રહે છે તેવા ત્રિકોણ બાગ, કાલાવડ રોડ - આત્મિય યુનિવર્સિટી પાસે, ક્રિષ્ના પાર્ક હોટલ ગોંડલ રોડ ચોકડી પાસે વગેરે સ્થળોએ ₹ ૧૦ કરોડના ખર્ચે સ્કાય વોક ઓવરબ્રિજ બનાવવાની જાહેરાત કરી હતી. પણ રાજકોટની પ્રજાને આકાશી ઝુલે ઝુલાવવા નું આ સપનું પૂરું થયું નથી. આ અગાઉ જ્યારે બિનાબેન આચાર્ય મેયરપદે હતાં ત્યારે તેઓએ જ્યુબિલિ બાગ ગાંધી પ્રતિમા થી ગાંધી મ્યુઝિયમ સુધી સ્કાય વોક ફૂટ ઓવરબ્રિજની યોજનાનો જે તે સમયે બજેટમા સમાવેશ કરાવ્યો હતો. એ યોજના પણ મહાનગરપાલિકાના ચોપડામાં દબાઇ ગઇ છે. વર્ષો પહેલાં કોટેચા ચોકમાં પણ આવા સ્કાય વોક ફૂટ ઓવરબ્રિજ નું બાંધકામ શરૂ થયું હતું જે વ્યાપક વિરોધ બાદ દૂર કરવું પડ્યું હતું.

આવી જ રીતે શહેરના પ્રવેશ માર્ગો એવાં કાલાવડ રોડ, ગોંડલ રોડ ચોકડી, ગ્રીન લેન્ડ ચોકડી, માધાપર ચોકડી, એસ.આર.પી. કેમ્પ પાસે, બેડી ચોકડી વગેરે મુખ્ય માર્ગો પર શહેરની આગવી ઓળખ સ્વરૂપે થીમ બેઇઝ્ડ મોડેલ પ્રવેશ દ્વાર બનાવી બ્યુટિફિકેશન માટે ₹ ૫ કરોડનો ખર્ચ કરવાની યોજના પણ શરૂ થઈ નથી . શહેરના રાજમાર્ગ કાલાવડ રોડ અવધ રોડ પાસે આવેલા ટીપી પ્લોટમાં ₹ ૪ કરોડના ખર્ચે મોર્ડન એલિવેશન, એસ્કેલેટર તેમજ રેસ્ટોરન્ટની સુવિધા સાથે સ્કાય વોક તેમજ થીમ બેઇઝ્ડ ઓક્સિજન પાર્ક બનવાનો હતો. પણ અત્યારે ખુદ ઓક્સિજન પાર્ક ના જ શ્વાસ થંભી ગયા છે!

આમાં સ્કાય વોક, મોડેલ એન્ટ્રી ગેટ યોજના એસ્ટિમેન્ટ પ્રક્રિયામાં હોવાનું અને ઓક્સિજન પાર્ક જન ભાગિદારી યોજનાથી બનાવવા માટે પ્રક્રિયા ચાલી રહી હોવાનું અધિકારીઓ કહે છે.

આવી રીતે બીજી યોજનાઓની વાત કરીએ તો, સેન્ટ્રલ ઝોનના રેલનગર વિસ્તાર, વેસ્ટ ઝોનમાં લક્ષ્મી નગર વિસ્તાર અને ઈસ્ટ ઝોનમાં વર્તમાન મેયર નયનાબેન પેઢડિયાના વોર્ડ નંબર ૪ માં સેટેલાઈટ ચોક પાસે નવી શાક માર્કેટ બનાવવા રૂપિયા ૩ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. જ્યારે ₹ ૬.૫૦ કરોડના ખર્ચે જ્યુબિલિ શાક માર્કેટ અને કનક નગર શાક માર્કેટ નું નવીનીકરણ , ધર્મેન્દ્ર રોડ પર લાખાજીરાજ શાક માર્કેટમાં ₹ ૩ કરોડના ખર્ચે નવી ફૂટ માર્કેટ અને નવાં હોકર્સ ઝોન બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં જ્યુબિલિ શાક માર્કેટ માટે ટેન્ડર પ્રસિદ્ધ કરી દેવાયું છે. લાખાજીરાજ માર્કેટ ખાલી કરાવાઈ છે. પણ પછી તંત્ર આગળ વધ્યું નથી.

લાખો શ્રદ્ધાળુઓનું જે આસ્થા અને શ્રદ્ધા બિંદુ છે એવાં સ્વયંભૂ રામનાથ મહાદેવ મંદિર પરિસરની સ્વચ્છતાની જાળવણી માટે ₹ ૨.૫૦ કરોડના ખર્ચે રામનાથ કોરીડોર ડેવલપમેન્ટ કરવાની જાહેરાત પછી હાલમાં હયાત રીટેનિગ વોલ તથા પાર્કિંગની કામગીરી ચાલુ હોવાનું અધિકારીઓ કહે છે. સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરે સૌથી મહત્વની જાહેરાત ₹ ૧ કરોડના ખર્ચે મહાનગરપાલિકા હસ્તકના પશુ દવાખાનું શરૂ કરવાની કરી હતી. આ પશુ દવાખાનામાં મહાનગરપાલિકા હસ્તકની એનિમલ હોસ્ટેલમાં રાખવામાં આવતા પશુધનના ચેકઅપ, રોગોનું નિદાન અને વેક્સિનેશન માટે એનિમલ હોસ્ટેલમાં આ પશુ દવાખાનું બનાવી નિષ્ણાંત પશુ ચિકિત્સકની માનદ સેવા લેવાની યોજના પણ હજુ આગળ વધી નથી.

# પે પાર્કિંગની ૨૯ સાઈટ માટે કોઈ ધણી ધોરી નહિ

### મનપાએ ચોથી વખત ટેન્ડર પ્રસિદ્ધ કર્યું : યોગ્ય ઉકેલ આવે તે જરૂરી




રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકામાં હાલ પાર્કિંગને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે મનપાય લોકોને સગવડતા માટે પે એન્ડ પાર્કિંગ સુવિધા ઉભી કરી છે પરંતુ ક્યાંક ને ક્યાંક લોકોમાં જાગૃતિનો અભાવ અને પાર્કિંગ ચાર્જ વધુ હોવાના કારણે જે રીતે પાર્કિંગ થવું જોઈએ તે થતું નથી. હાલ છેલ્લા ઘણા સમયથી ૨૯ પાર્કિંગ સાઈડ માટેના ટેન્ડર મહાનગરપાલિકા દ્વારા બહાર પાડવામાં આવ્યા છે પરંતુ તેમાં કોઈ પણ કોન્ટ્રાક્ટરે રસ દાખવ્યો નથી જે સૂચવે છે કે હાલ જે નવી નીતિ આવી છે તેનાથી તેઓને નુકસાની પહોંચી શકે તેમ છે. મળતી માહિતી મુજબ હાલ પાર્કિંગ ચાર્જ વધુ હોવાના કારણે વાહન ચાલકો પે એન્ડ પાર્કનો ઉપયોગ કરતા નથી તો સામે કોન્ટ્રાક્ટરોને પણ નુકસાન પહોંચે છે ત્યારે મહાનગરપાલિકા આ બાબતે શું રસ્તો કાઢશે તે હવે જોવાનું રહ્યું.

પરંતુ થોડા વર્ષો પહેલા રાજય સરકારમાંથી આવેલી નવી પાર્કિંગ પોલીસી અને નવા પાર્કિંગ ચાર્જ કોન્ટ્રાકટરોને મોંઘા લાગી રહ્યા છે. હાલ શહેરમાં અંદાજે ૧૦૦થી વધુ સ્થળે પે એન્ડ પાર્કીંગ સુવીધા ચાલુ છે.પરંતુ સરકારની નવી પોલીસીમાં પાર્કીંગ ચાર્જમાં વધારો થતા લોકો પણ તેમના વાહનો પાર્ક કરતા વિચાર કરે છે આથી અમુક જગ્યાએ કોન્ટ્રાકટરો નુકસાન જવાનો ભય વ્યકત કરે છે. આથી ૨૯ પે એન્ડ પાર્કીંગનુ ૩-૩ વખત ટેન્ડર કરવા છતા નવી પોલીસીનાં લીધે કોઇ કોન્ટ્રાકટરે ટેન્ડર ન ભરતા આ સાઈટ ખાલી છે. જોકે થોડા સમય પહેલા સ્ટે.કમીટીએ પાર્કિંગ કોન્ટ્રાકટમાં સિન્ડીકેટ થઇ જવાના કારણે પણ રી-ટેન્ડરના હુકમ કર્યા હતા.

રાજકોટના અનેક રાજમાર્ગો, વેપારી વિસ્તારોમાં પે એન્ડ પાર્ક છે. યાજ્ઞિક રોડ, દસ્તુર માર્ગ, ઢેબર રોડ, સર્વેશ્વર ચોક, ૧૫૦ ફુટ રોડના અમુક ભાગમાં પે એન્ડ પાર્ક ફુલ જાય છે. તો અનેક સાઈટસ ખાલી પડી છે. ઘણા બ્રીજ નીચેના ભાગના કોન્ટ્રાકટ પણ બાકી છે. આ સંજોગોમાં નવી પાર્કિંગ પોલીસીનો અમલ શરૂ કર્યા બાદ પે એન્ડ પાર્કીંગનાં ટેન્ડરમા મોટા ફેરફાર થયા છે. તો ટુ વ્હીલરથી લઈને હેવી વાહનો સહીતનાં વાહનો પાર્ક કરવા માટે ૧ કલાકથી લઇ ૧ માસ સુધીનાં ચાર્જમા પણ વધારો કરાયો હતો. નવા નિયમ મુજબ જે વિસ્તારોમા પે એન્ડ પાર્કીંગની મુદત પુર્ણ થઇ હોય તેનાં ટેન્ડર પ્રસિધ્ધ કરાયા હતા.

હાલની જટિલ નીતિના કારણે મહાનગરપાલિકાને પણ ઘણી નુકશાનીનો સામનો કરવો પડી રહ્યો છે સામે જે આવક ઊભી થવી જોઈએ તે પણ થતી નથી ત્યારે હવે જોવાનું એ રહ્યું કે મહાનગરપાલિકા આ મુદ્દે શું રસ્તો કાઢે છે. આ સંજોગોમાં નવી પાર્કિંગ પોલીસીનો અમલ શરૂ કર્યા બાદ પે એન્ડ પાર્કીંગનાં ટેન્ડરમા મોટા ફેરફાર થયા છે. તો ટુ વ્હીલરથી લઈને હેવી વાહનો સહીતનાં વાહનો પાર્ક કરવા માટે ૧ કલાકથી લઇ ૧ માસ સુધીનાં ચાર્જમા પણ વધારો કરાયો હતો. નવા નિયમ મુજબ જે વિસ્તારોમા પે એન્ડ પાર્કીંગની મુદત પુર્ણ થઇ હોય તેનાં ટેન્ડર પ્રસિધ્ધ કરાયા હતા. તેમાં સારી ઓફર આવી નથી. ત્રણ-ત્રણ વખત રી-ટેન્ડર કરવા છતાં ૨૯ સાઈટ સંભાળવા કોઇ તૈયાર થતું નથી.આ સ્થિતિમાં કોન્ટ્રાકટરોએ ભાવ આપવાનું બંધ કરતા આ ૨૯ પે એન્ડ પાર્કીંગ માટે ચોથી વખત ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

### કોંગ્રેસ આગેવાન સોમવારે ઉપવાસ આંદોલન કરશે : આજ દિન સુધી નથી મળી સંપૂર્ણ વિગત

# જિ.પંચાયતના ૮૪ લાખના સ્થળાંતર ખર્ચનો વિવાદ વકર્યો

રાજકોટ, તા. ૨૫

રાજકોટના સરકારી વિભાગો કોઈપણ હોય તે વિવાદમાં તો જોવા મળતા જ હોય છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી રાજકોટ મહાનગરપાલિકા હોય કે જિલ્લા પંચાયત હોય કોઈકને કોઈ કારણોસર સંસ્થા વિવાદના વંટોળમાં જ જોવા મળે છે. અગાઉ જિલ્લા પંચાયતમાં ૮૪ લાખના સ્થળાંતર ખર્ચનો વિવાદ વકર્યો હતો. ત્યારે સોમવારે કોંગ્રેસ ના આગેવાનો ઉપવાસ આંદોલન શરૂ કરવાના છે અને તે પહેલા આ વાતનું નિરાકરણ આવે તે માટે અલ્ટીમેટમ પણ આપવામાં આવ્યું છે.

૮૪ લાખના સ્થાનાંતર ખર્ચ અંગે આજ દિન સુધી યોગ્ય તપાસ થઈ નથી તેવું કોંગી આગેવાન જણાવી રહ્યા છે એટલું જ નહીં તેમનું માનવું છે કે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જે તપાસના આદેશ આપવામાં આવ્યા હતા તેનું શું નિરાકરણ આવ્યું અને શું મુદ્દાઓ સામે આવ્યા તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી જેથી એ વાત તો નક્કી છે કે ૮૪ લાખના સ્થળાંતર ખર્ચમાં કંઈક નવાજૂની થયેલી છે અને જો આ અંગે યોગ્ય માહિતી સોમવાર સુધીમાં નહીં આપવામાં આવે તો સોમવારથી જ ઉપવાસ આંદોલન પર બેસવાની ચીમકી પણ કોંગી આગેવાન મનસુખ સાકરીયાએ આપી છે.




રાજકોટમાં નવી બંધાઇ રહેલી જીલ્લા પંચાયતનું જુના કોર્ટ બિલ્ડીંગમાં કામચલાઉ સ્થળાંતર કરવામાં આવ્યું છે. મુળ કચેરીએથી દસ્તાવેજો-સામાન-ફર્નિચર સહિતની સામગ્રીઓ વૈકલ્પિક જગ્યાએ લઇ જવા તથા જુના કોર્ટ બિલ્ડીંગમાં રીપેરીંગ પાછળ અંદાજીત ૮૪ લાખનો જંગી ખર્ચ કરવામાં આવ્યો હતો. વિપક્ષ કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા જ હતા. ઉપરાંત શાસક પક્ષના અમુક સભ્યોમાં પણ ગણગણાટ ઉઠયો હતો. બીજો સૌથી મોટો પ્રશ્ન એ છે કે હજુ પણ ઘણી ઘણી કચેરીઓ એવી છે કે જેમાં કોઈ કામ થયું જ ના હોય તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે ત્યારે ૮૪ લાખનો માધબર ખર્ચ કઈ રીતે અને કેવી રીતે કરવામાં આવ્યો તે અંગેની સ્પષ્ટતા કરવામાં આવે અગાઉ પણ મનસુખ સાકરીયા દ્વારા ભાજપના સત્તાધીશો તથા જિલ્લા વિકાસ અધિકારીને આ અંગે તાકીદ કરી હતી અને સંપૂર્ણ ખર્ચની વિગતવાર માહિતી પણ માંગી હોવાનું જણાયું છે પરંતુ હજી સુધી તંત્ર દ્વારા આ અંગે કોઈ પણ પ્રકારની ફોડ પાડવામાં આવી નથી.

અમુક કામ માટે દર્શાવાયેલા ભાવ શાસકોને પણ ગળે ઉતર્યા નહતા અને સવાલોના જવાબો આપી શકાય ન હતા. આ વિવાદ વકરવાને પગલે તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. પખવાડિયામાં તપાસ રીપોર્ટ આપવાની સુચના આપવામાં આવી હતી. તપાસ કમીટી દ્વારા રીપોર્ટ સોંપી દેવામાં આવ્યો હોવા છતાં તે જાહેર નહીં થતાં ફરી નવો વિવાદ શરુ થયો છે.

જીલ્લા પંચાયતના કોંગ્રેસના નેતા મનસુખ સાકરીયાએ એવા આક્ષેપ કર્યો હતો કે સમગ્ર ધરખમ ખર્ચમાં ખોટું થયું જ છે. જવાબદારો સામે પગલા લેવા જ પડશે. ભાજપના શાસકનો ભ્રષ્ટાચાર ખુલ્લો ન પડે તે માટે રીપોર્ટ દબાવવામાં આવી રહ્યો છે. પોતે વારંવાર રીપોર્ટ જાહેર કરવાની માંગ કરે છે છતાં કાંઇ થતું નથી એટલે હવે ના છુટકે આંદોલનનો માર્ગ અપનાવવાનું નક્કી કર્યું છે. સોમવાર સુધીમાં ખર્ચ વિશેનો તપાસ રીપોર્ટ જાહેર ન થાય તો સોમવારથી જીલ્લા પંચાયતમાં ઉપવાસ આંદોલન શરુ કરાશે અને રીપોર્ટ જાહેર કરવા દબાણ કરાશે.